સુવિચાર

શબ્દોનું દોરડું લાંબુ કરતું રહેવાથી સત્ય સુધી નથી પહોંચાતું !

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)

માણેકપરા, અમરેલી.

ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦

તા. ૩૧/૦૫/૨૦૨૫, શનિવાર

ફોન : ૨૨૮૪૨૨

www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્

AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803

Postal Reg.No. AMR/217/2024-26

E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



હરિૐ PENDAWALA SINCE 1999

દર રવિવારે શુદ્ધ શિંગતેલમાં બનાવેલુ રજવાડી ઊંધિયું મળશે

નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ જેઠ સુદ-૫ વર્ષ : ૧૬ અંક : ૧૪૫


## ભોગ બનનાર સગીરાની મમ્મીને હેરાન કરવાની ધમકી આપીને

# બાબરાનાં પોલીસકર્મીએ સગીરા સાથે કરેલ દુષ્કર્મ કર્યાની ફરિયાદ

### પોલીસકર્મીએ અવારનવાર સ્નેપ ચેટમાં વાતચીત કરી સગીરાનું અપહરણ કરીને અડપલા કરીને શરીર સંબધ બાંધ્યો

### ખાખી વર્દી પહેરીને સગીરાનું રક્ષણ કરવાને બદલે શોષણ કરનાર પોલીસકર્મી વિરૂધ્ધ ગુન્હો નોંધાયો

### છેલ્લા ચારેક માસથી સગીરાને પરેશાન કરવામાં આવતી હોવાનું ખુલ્યું

### પોલીસકર્મી રવિરાજસિંહ ચૌહાણ વિરૂધ્ધ પોક્સો એક્ટ મુજબ ફરિયાદ નોંધવામાં આવી

અમરેલી, તા. ૩૦

બહેનદીકરીઓના રક્ષણની જવાબદારી જેની માથે છે એવા રક્ષક જ ભક્ષક બની બેસે તો ખાખી કેટલી હદે કલંકિત થાય એનો વરવો પુરાવો બાબરામાં જોવા મળ્યો છે. બાબરા પોલીસ સ્ટેશનનાં કોન્સ્ટેબલે ખાખીને સભ્યસમાજમાં શર્મસાર કરી છે. બાબરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ રવિરાજસિંહ ચૌહાણે ૧૪ વર્ષની સગીરા ઉપર બળાત્કાર ગુજારી બે વખત શરીરે અડપલા કરી હું પોલીસમાં છું આ બાબતે કોઈને વાત કરીશ તો હું તારા મમ્મીને હેરાન કરીશ તેવી ધમકી મારી સગીરાનું શિયળ લૂંટતા સગીરાના પરિવારે કોન્સ્ટેબલ સામે ફરિયાદ નોંધાવતા બાબરા પોલીસે પોકસો હેઠળ ગુન્હો નોંધ્યો છે. આ બનાવથી અમરેલી જિલ્લા પોલીસમાં પણ ચકચાર મચી જવા પામી છે.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ બાબરામાં રહેતી અને ધોરણ-૮માં અભ્યાસ કરતી ૧૪ વર્ષિય સગીરા ચારેક મહિના પહેલા સ્કૂલ-ટયુશનમાં જતી હતી ત્યારે તેની પાછળ બાઈક લઈને આવેલા યુવકે મોબાઈલ નંબર માગ્યા હતા અને જો નહી આપતો હું તારા મમ્મીને હેરાન કરીશ, હું પોલીસમાં નોકરી કરૂ છું અને મારૂ નામ રવિરાજસિંહ ચૌહાણ છે. સગીરાએ ધમકીથી ડરી તેણીના માતાના નંબર આપ્યા હતા અને સગીરાને ઘરે જઈને ફોન કરવાનું કહ્યું હતું. બીજા દિવસે સગીરાના માતાના મોબાઈલમાં રવિરાજસિંહે સ્નેપચેટમાં ફોન કર્યો હતો અને હું રવિરાજસિંહ બોલું છું, આ મારૂ આઈડી છે અને હવે આમા તું ફોન મેસેજ કરજે તેમ સગીરા સાથે વાત કરી હતી. તેના એક મહિના પછી રવિરાજસિંહએ મેસેજ કરી ઘરની બહાર આવવા કહ્યું હતું આથી સગીરા ઘરની બહાર નીકળતા તેને બાઈકમાં બેસાડી બાબરાના ચમારડી ઝાપા પાસેની અવાવરૂ જગ્યામાં લઈ ગયો હતો અને ત્યાં શરીરે અડપલા કરી બળજબરીપૂર્વક શરીર સબંધ બાંધ્યો હતો અને આ બાબતે કોઈને કહીશ તો તારા મમ્મીને હેરાન કરીશ તેવી ધમકી પણ આપી હતી અને મોટર સાયઈકલમાં ઘર પાસે મુકી ગયો હતો. બાદમાં સ્નેપ ચેટમાં અવાર-નવાર ફોન મેસેજ કરતો હતો અને ગત તા. ૨૯/૫ નાં સગીરા પરિવારના બીજા ઘરે જતી હતી ત્યારે રવિરાજસિંહ રસ્તામાં ઉભો


અનુસંધાન પાના ૬ ઉપર


## બાબરાનાં પોલીસકર્મી બાદ અમરેલી પોલીસ લાઈનમાં રહેતા વધુ એક પોલીસકર્મી વિરૂધ્ધ ફરિયાદ

# સાવરકુંડલાનાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતી યુવતી સાથે પોલીસકર્મીએ અવારનવાર શરીર સંબધ બાંધતા ફરિયાદ

### સિટી પોલીસે ગુન્હો નોંધતા પીએસઆઈ લુવાએ તપાસ આદરી

અમરેલી, તા. ૩૦

સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ૩૦ વર્ષિય યુવતીને મુળ ધારી તાલુકાના જરપરા ગામના વતની અને હાલ અમરેલી પોલીસ લાઈનમાં રહેતા અને પોલીસ કર્મી તરીકે ફરજ બજાવતા આરોપી મહેશભાઈ કમાભાઈ સોલંકીએ તા. ૨૯ના રોજ ૪:૫૦ વાગ્યે ગાંધીબાગ પાસે યુવતીને લઈ જઈ યુવતીને લગ્ન કરવાની લાલચ આપી ભોગ બનનાર સાથે અવાર-નવાર બળજબરી પૂર્વક શરીર સબંધ બાંધી યુવતીને લાફો માર્યાની અમરેલી સીટી પોલીસમાં ફરિયાદ નોંધતા આ બનાવ અંગે અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એમ.વી. લુવાએ તપાસ હાથ ધરેલ છે.


Gold Project

અમારી નવી યોજના 'Gold Project' યોજનાની વધુ માહિતી માટે સંપર્ક કરશો

શ્રીજી કન્સલ્ટન્સી

C/o સોના રૂપા જવેલર્સ,દાણા બજાર, ટાવર પાસે-અમરેલી

સમય : બપોરે ૪:૦૦ કલાક થી ૭:૦૦ કલાક

Mo. 94261 25285



નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)

માણેકપરા, અમરેલી - ૩૬૫ ૬૦૧ Mo. 9825097121

સુવર્ણ અલંકારોની વિસ્તૃત શ્રેણી બગસરા શહેરને આંગણે...



સોનાના 22CT હોલમાર્ક દાગીનાનું તથા ચાંદીના દાગીનાનું

જવેલરી એક્ઝીબિશન

૦૧ રવિવાર જુન - ૨૦૨૫

સમય : ૧૦:૦૦ થી ૬:૦૦

શ્રી લેઉવા પટેલ સમાજ વાડી, ગોકુળપરા, બગસરા - ૩૬૫ ૬૦૧

Branch નિલકંઠ જ્વેલર્સ

ભગવતી ફારસ કુડની સામે, જયરાજ પ્લોટ, પેલેસ રોડ, રાજકોટ.

દુષિતભાઈ - Mo. 95375 25000

63 56 56 0000



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ

85,300/- (૧૦ ગ્રામ)

રહેલ તા.૩૦/૦૫/૨૦૨૫ ના રોજ

હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો

63549 73131

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,

કસ્ટમર કેર નંબર : ૬૩૫૪૯ ૭૩૧૩૧



જોઈએ છે

શ્રી શિશુમંદિર ટ્રસ્ટ શેખપીપરિયા સંચાલિત

સ્વ. કે.ડી.ભાદાણી હાઈસ્કૂલ-શેખપીપરિયા

તા.લાઠી, જિ.અમરેલી

સંપર્ક નંબર : ૮૧૨૮૮ ૧૮૬૬૦ / ૯૪૨૬૦ ૮૪૯૨૩

ઉપરોક્ત સેલ્ફ ફાઈનાન્સ હાઈસ્કૂલ માટે નીચેની વિગતે ધો.૯ થી ૧૨ માં વ્યાયામ શિક્ષક માટે નીચે મુજબ લાયકાત ધરાવતા શિક્ષક જોઈએ છે.

| ક્રમ | વિગત | જગ્યા | શૈક્ષણિક લાયકાત | વિભાગ |
|---|---|---|---|---|
| ૧ | યોગ અને શારીરિક શિક્ષણ (વ્યાયામ) | ૧ | B.A./ M.A. / C.P.ed (અનુભવ) | માધ્યમિક તથા ઉ.માધ્યમિક |

- ઉપરોક્ત લાયકાત ધરાવતા ઉમેદવારની આકર્ષક અપેક્ષિત પગાર ધોરણથી ભરતી કરવાની છે.
- લાયકાત ધરાવતા ઉમેદવારે પોતાનાં ડોકયુમેન્ટ, પ્રમાણપત્રો સાથે તા.૪/૬/૨૦૨૫ને બુધવારનાં રોજ સવારે ૮:૦૦ થી ૧૨:૦૦ ના સમયગાળામાં સ્વખર્ચે રૂબરૂ ઉપસ્થિત રહેવું.
- પગાર ધોરણ જ્ઞાન, અનુભવ અને આવડતનાં આધારે આકર્ષક પગાર સંસ્થાની શરતોને અનુસાર પર્ફોમન્સ પ્રમાણે ચુકવવામાં આવશે.
- ઉપરોક્ત સંપર્ક નંબર ઉપર ઉમેદવાર ઈન્કવાયરી કરી શકે છે.

: સ્થળ :

કે.ડી. ભાદાણી હાઈસ્કુલ શેખપીપરિયા

તા.લાઠી, જિ.અમરેલી.

તા.૦૪/૦૬/૨૦૨૫ બુધવાર સવારે :૮૦૦ થી ૧૨:૦૦

પ્રમુખશ્રી

કલ્યાણભાઈ એલ. ભાદાણી

શિશુમંદિર-ટ્રસ્ટ-શેખપીપરિયા



બેસણું



સ્વ.હરદાસભાઈ શામજીભાઈ ભંડેરી

સ્વ.તા.૨૭-૦૫-૨૦૨૫ (ઉ.વર્ષ : ૯૩) ગામ : તરવડા

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી

હરદાસભાઈ શામજીભાઈ ભંડેરી

તા.૨૭-૦૫-૨૦૨૫ ને મંગળવાર ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

પ્રભુ સદ્દગતનાં દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

તરવડા મુકામે બેસણું

તા.૦૧-૦૬-૨૦૨૫ ને રવિવાર ના રોજ

સવારે : ૦૮:૦૦ થી ૦૫:૦૦ કલાકે રાખેલ છે.

લિ.

નારણભાઈ શામજીભાઈ ભંડેરી

સ્વ. રસિકભાઈ હરદાસભાઈ ભંડેરી

ભરતભાઈ હરદાસભાઈ ભંડેરી

અમિતભાઈ રસિકભાઈ ભંડેરી

પ્રવિણભાઈ પરશોતમભાઈ ભંડેરી

શિવલાલભાઈ કાનજીભાઈ ભંડેરી

ધીરૂભાઈ નરશીભાઈ ભંડેરી



અમરેલીના પ્રખ્યાત શોરૂમ માટે

સ્ટાફ જોઈએ છે

- સેલ્સ એકિઝકયુટિવ
- વર્કશોપ મેનેજર
- એકાઉન્ટનટ અને બેક ઓફિસ
- મીકેનીક
- ટેલીકોલર
- પાર્ટસ ઈન્ચાર્જ
- ઓફિસ બોય / પ્યુન
- વોશીંગ બોય

અનુભવી માટે પહેલી પસંદગી/રીઝયુમ સાથે રૂબરૂ મળો

મળવાનો સમય : સવારે ૧૦ થી ૧૨ /બપોરે : ૩ થી ૫

89589 89789 / 99781 28981

info.shyamtvs@gmail.com

SHYAM TVS

શ્યામ ટી.વી.એસ., સ્ટેશન રોડ, ગોપી સીનેમા પાસે, અમરેલી-૩૬૫૬૦૧



વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ

:: એડ્રેસ :: ગણેશ પાર્ટી પ્લોટ સામે, લાઠી રોડ, અમરેલી

કાર્યક્ષેત્ર ::- ધો-9 થી 12 સાયન્સ/કોમર્સ/RENEET

:: શૈક્ષણિક વિશેષતાઓ ::

- હવે અમરેલીના વિદ્યાર્થીઓ પણ (JEE-NEET) Foundation ની તૈયારી કરશે.
- ત્યાં વધી Advance Maths-Science, રીઝનિંગ English અને ની બધુ ફુ ટેક તૈયારી.

મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે અમરેલીમાં સૌપ્રથમ વાર...

ધો :- 9 & 10 થી જ JEE-NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા

... સ્કોલરશીપ યોજના...

| | | |
|---|---|---|
| ધોરણ 8 | 95% ઉપર | 9 મું FREE |
| ધોરણ 9 | 95% ઉપર | 10 મું FREE |

ધો.8-9 માં 80% ઉપર મેળવનાર વિદ્યાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલરશીપ મેળવી શકશે.

# કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...

સિલેબસ પર હેતુલક્ષી પ્રશ્નો ::

15 MATHS+15 SCI + 10 ENG.+ 10 S.S.

કૃણાલ ધોળકીયા Maths, M.Sc.,B.Ed. અનુભવ 10 વર્ષ

96645 82254/95863 68637

પંડયા મનોજભાઈ Science, M.Sc.,B.Ed. અનુભવ 14 વર્ષ

ધો.11-12 કોમર્સ હવે વિદ્યાગુરૂ માં...

- Smart Board ધરાવતા કલાસ..
- અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.

ADMISSION OPEN - 2025

ધોરણ 11 થી જ CA,CS & CMA FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા

ધો.-10 માં A1 અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને ફી માફી મળશે...

# કન્યા કેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...

ભાઈઓ-બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ

93287 12928 / 76 220 22086

### પુરતા પ્રમાણમાં ટ્રાન્સફોર્મરનાં અભાવે

# જાફરાબાદની બાલકૃષ્ણ સોસાયટીમાં પુરતા પ્રમાણમાં વીજ પુરવઠો મળતો નથી

### સાગરખેડૂ ચેરીટેબલ ટ્રસ્ટે રજુઆત કરી


તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૩૦

જાફરાબાદ બાલકૃષ્ણ સોસાયટી ભૂતડા મંદિર આવેલ આજુબાજુમાંની સોસાયટીમાં સાવ ડીમ લાઈટ રહેતી હોય ટ્રાન્સફોર્મર નાખવા માટેની લેખિત રજૂઆત સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નાયબ કાર્યપાલક ઈજનેરને કરવામાં આવી છે.

બાલકૃષ્ણ સોસાયટી અને તેની આજુબાજુની સોસાયટીમાં દિવસની તથા રાત્રીના સમયે સાવ ડીમ લાઈટ રહેતી હોય અહીં તલાવડી બાજુમાં એક સબટ્રાન્સફોર્મર (ટી.સી) હોય તેમજ આ બાલકૃષ્ણ સોસાયટી ભૂતડા મંદિર થી આજુબાજુની સોસાયટીમાં એસી જેવા ઈલેકટ્રોનિક ઉપકરણો વધી જવાથી રાત્રીના સમયે અને આવી કાળઝાળ ગરમીમાં ડીમ લાઈટના લીધે ઘરોમાં રાખવામાં આવેલ ઉપકરણો પંખા સાવ ધીમી ગતિએ ફરતા હોવાથી લોકોને મોડી રાત સુધી આવી કાળઝાળ હેરાન પરેશાન થઈ રહ્યા છે. ડીમ લાઈટ રહેવાથી અંધારપટ છવાયેલો રહેતો હોય આ વિસ્તારમાં વોલ્ટેજ સાવ ડીમ મળતો હોય છે.

### સાવરકુંડલાના નાના એવા અભરામપરા ગામનાં ખેડુત યુવકે ભુવા ગામે આત્મહત્યા કરી

# પત્નીનાં આડા સંબધથી અને સાસરીયાઓએ બાંધીને માર મારતાં પતિને લાગી આવતાં ગળાફાંસો ખાઈ લીધો

### મૃતકનાં પત્ની, સસરા, કાકાજી સસરા, સાળા સહિત પાંચ સામે ફરિયાદ

અમરેલી, તા. ૩૦

સાવરકુંડલા તાલુકાના અભરામપરા ગામે રહેતા જનકભાઈ શીવલાલભાઈ પડસાળા નામના ખેડુતના ભાઈ અનીલભાઈના પત્નિ દયાબેનને સાવરકુંડલા તાલુકાના ભુવા ગામે રહેતા મહેશ કોળી નામના છોકરા સાથે આડા સંબધ હોય જેની તેણીના પતિ અનીલભાઈને ખબર પડી જતા આ બાબતે પતિ પત્નિ સાથે અવાર–નવાર ઝઘડા થતા હોય અને ગત તા. ૨૫ના રોજ અનિલભાઈ તેમના સાસરીયે સાવરકુંડલા તાલુકાના ભુવા ગયેલ ત્યારે તેમને તેમના પત્ની દયાબેન સાથે મહેશ કોળી નામના છોકરા સાથે આડા સંબંધ બાબતે બોલાચાલી થયેલ જેથી આરોપી દયાબેન અનીલભાઈ પડસાળા (પત્નિ), મહેશ કોળી નામના છોકરો મનસુખભાઈ નાગજીભાઈ પાઘડાળ (સસરા), અમીતભાઈ મનસુખભાઈ પાઘડાળ (સાળા) તથા બટુકભાઈ નાગજીભાઈ પાઘડાળ (કાકાજી સસરા)એ ગેરકાયદેસર મંડળી રચી એકસંપ કરી અને અનીલભાઈ પડસાળાને બાંધીને માર મારેલ અને છુટા છેડા કરવાની વાત કરી મરવા મજબુર કરેલ. જેથી અનીલભાઈ પડસાળાને લાગી આવતા અને પોતે મરવા મજબુર થતા ગત તા. ૨૭ના રાત્રીના આશરે દસેક વાગ્યાથી બારેક વાગ્યા દરમ્યાન કોઈ પણ સમયે મરણજનાર અનીલભાઈ પડસાળાએ સુસાઈડ નોટ લખી સાવરકુંડલા તાલુકાના ભુવા ગામે લીંબડાના ઝાડ સાથે દોરી વડે ગળાફાંસો ખાઈ લેતાં તેમનું મોત થતાં આ બનાવમાં મૃતક અનીલભાઈ પડસાળાના પત્નિ, સાળા, સસરા, કાકાજી સહિત પાંચ આરોપી સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### બાઈક અથડાવવા જેવી સામાન્ય બાબતે

# રાજુલાની ''વોકવેલ'' નામની દુકાનનાં કર્મચારી ઉપર છરી વડે હુમલો કરાયો

### ઈજાગ્રસ્ત કર્મચારીને સારવારમાં ખસેડાયો



તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૩૦

રાજુલા શહેરના મુખ્ય બજારમાં બાઈક અથડામણના મુદ્દે એક યુવક પર છરીથી હુમલો થયો છે. વોકવેલ નામની દુકાનમાં કામ કરતા નાસિર હુસેન અલી આરબ બાઈક લઈને દુકાને આવી રહ્યા હતા. આ દરમિયાન અજાણ્યા શખ્સો સાથે બાઈક અથડામણ થઈ હતી.

સામાન્ય અથડામણ બાદ આ અજાણ્યા શખ્સોએ નાસિર હુસેનનો પીછો કર્યો. વોકવેલ દુકાન નજીક તેમના પર છરીથી હુમલો કર્યો. આ ઘટનાથી મુખ્ય બજારમાં અફરાતફરી મચી ગઈ હતી. સ્થાનિક વેપારીઓએ તરત જ યુવકને બચાવ્યો અને રાજુલા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડયો હતો. આ યુવકની પ્રથમ રાજુલાના સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલો પરંતુ ત્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ પરંતુ ત્યારબાદ મળતી માહિતી મુજબ આ યુવાનને વધારે ઈજા હોવાથી તેમને વધુ સારવાર માટે મહુવા ખસેડવામાં આવેલ છે.

રાજુલા પોલીસ ઈન્સ્પેકટર એ.ડી.ચાવડાની ટીમ અને લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે. પોલીસે ઈજાગ્રસ્ત યુવકનું નિવેદન લેવાની પ્રક્રિયા શરૂ કરી છે. હુમલાખોરોની ઓળખ માટે આસપાસના દુકાનોના સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે. પ્રાથમિક તપાસમાં એકથી બે વ્યકિતઓએ બાઈક પર આવીને હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસે આરોપીઓને પકડવા માટે વ્યાપક તપાસ શરૂ કરી છે.

### હોસ્પિટલમાં આરોગ્ય મેળવવા જવું કે બગાડવા તે ખબર પડતી નથી

# અમરેલીની જનરલ હોસ્પિટલમાં અંદર જવાનાં મુખ્ય દરવાજા આગળ ગટરનાં ગંધાતા પાણી ભરાયા

### પાલિકા અને હોસ્પિટલનાં સંચાલકો સંયુકતપણે સમસ્યા દૂર કરે






અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લામાં સૌથી મોટી સરકારી હોસ્પિટલ અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલ આવેલી છે. આ હોસ્પિટલમાં જિલ્લાભરમાંથી લોકો બીમારીના સમયમાં સારવાર માટે આવે છે. પરંતુ ખાટલે મોટી ખોટ હોય તેમ આ હોસ્પિટલના મુખ્ય દરવાજેથી જ સુવિધાનો અભાવ હોવાથી આ હોસ્પિટલ જ બીમારીના બિછાને પડી હોય તેવુ લાગી રહયુંછે. આ હોસ્પિટલના મુખ્ય દરવાજે જ છેલ્લા એક મહિનાથી ગટરના ગંધાતા પાણી વહી રહયા છે છતાં પણ હોસ્પિટલના સત્તાવાળાઓ અથવા સ્થાનિક પાલિકાના અધિકારીઓ આ બાબતે કોઈ પગલાં ભરતાં ના હોય પાલિકાના અધિકારીઓ સામે રોષ ભભુકી ઉઠયો છે.

આ બનાવમાં અમરેલી ખાતે આવેલ શાંતાબા જનરલ હોસ્પિટલમાં અંદર જવાના મુખ્ય દરવાજે છેલ્લા એક માસથી ભૂગર્ભ ગટરનું ઢાંકણું કોઈ કારણોસર પાલિકા દ્વારા ખોલી નાંખવામાં આવેલ છે. જેને લઈ આજે પણ આ ગટરનું ઢાંકણું ખુલ્લું હોવાના કારણે ભૂગર્ભ ગટરનું ગંધાતું પાણી આ હોસ્પિટલના મુખ્ય ગેઈટમાં વહી રહયુંછે.

અમરેલી જિલ્લાની સૌથી મોટી આ હોસ્પિટલમાં દરરોજ હજારોની સંખ્યામાં દર્દીઓ અને તેમની સાથે તેમનાં સગાઓ આવન જાવન કરતાં હોય છે. આ તમામ લોકો આ હોસ્પિટલના દરવાજામાં ગંધાતા પાણીમાંથી છેલ્લા એક મહિનાથી પસાર થતાં હોય છે. છતાં પણ હોસ્પિટલના સત્તાવાળાઓ અથવા સ્થાનિક પાલિકાના અધિકારીઓ આ બાબતે કોઈ પગલાં ભરતાં ના હોય લોકોમાં અને દર્દીઓમાં ભારે રોષ ભભુકી ઉઠયો છે.

આગામી દિવસોમાં કોરોના જેવી મહામારીના ભય સામે વહીવટીતંત્રએ કમર કસી છે. ત્યારે કોરોના માટે થઈ આ જ હોસ્પિટલમાં તમામ સુવિધાઓ ઉભી કરવામાં આવ્યાનો વહીવટી તંત્ર દ્વારા દાવાઓ કરવામાં આવ્યા છે. તેમજ ચોમાસાની પણ શરૂઆત થનાર છે. ત્યારે આ ગંધાતા ગટરના પાણીમાં મચ્છરથી દર્દીઓ સાજા થવાના બદલે વધુ બીમારીનો ભોગ બનશે.

### જયાં અરજદારોની અવરજવર હોય છે તેવી

# રાજુલામાં પ્રાંત કચેરી નજીક આડેધડ વાહનોનાં પાર્કિંગથી પરેશાની

### એડવોકેટ જોષીએ યોગ્ય કરવા માંગ કરી


તસ્વીર : યોગેશ કાનાબાર–રાજુલા

રાજુલા, તા. ૩૦

રાજુલા ગામની અંદર સરકારી કચેરી કહેવાતી એવી પ્રાંત કચેરી જયાં નાનામોટા તમામ કામો થતા હોય છે. તો તે પ્રાંત કચેરીની બહાર શાકમાર્કેટ ની જેમ આડેધડ વાહનો મુકવામાં આવે છે.

જેના થી વિદ્યાર્થીઓ તેમજ વડીલો વૃધ્ધો ને ચાલવામાં ખુબ મોટા પ્રમાણમાં હાલાકી ભોગવવી પડે છે અને વકીલોને કોર્ટ જવા માટે પણ તકલીફ ભોગવવી પડે છે અને આ આડેધડ વાહનોના લીધે ઘણા બનાવો પણ બનતા હોઈ છે.

તો આ પ્રશ્ન અંગે અભિષેક આર. જોષી (એડવોકેટ) ધ્વારા વારંવાર લેખિત અને મૌખિક રજૂઆત પણ કરેલ છે. પરંતુ આ બાબતે આજદિન સુધી કોઈપણ જાતના યોગ્ય પગલા લેવામાં નથી આવ્યા તો કાઈપણ મોટો બનાવ બનશે તો તેનો જવાબદાર કોણ બનશે? તો તાત્કાલિક ધોરણે વાહનો ની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે અને રસ્તાને ખુલ્લો કરાવવામાં આવે તેવી માંગણી છે.

### છેલ્લા ઘણા સમયથી જગ્યા ખાલી હોય

# લીલીયા મોટાનાં સરકારી દવાખાનામાં તબીબની નિમણૂંક થતાં હાશકારો

### સ્થાનિકોએ ધારાસભ્યનો આભાર માન્યો



લીલીયા, તા. ૩૦

લીલીયા મોટા સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ઘણા સમયથી ડોકટરની ઘટ હતી જેને લઈને અવારનવાર રજૂઆતો સામાજિક આગેવાનો રાજકીય આગેવાનો દ્વારા કરવામાં આવેલ જેમની જાણ વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને થતા થોડા દિવસો પહેલા લીલીયા સિવિલ હોસ્પિટલની રૂબરૂ મુલાકાત લઈ અને ડોકટરના પ્રશ્ન બાબતે યોગ્ય કરવાની ખાત્રી આપેલ હોય જેને લઈને લીલીયા સિવિલ હોસ્પિટલમાં ડોકટર દિશાંત પરમારની નિમણૂક થતા લીલીયાના રાજકીય આગેવાનો સામાજિક આગેવાનો દ્વારા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તેમજ આરોગ્ય પ્રધાન ઋષિકેશભાઈ પટેલનો આ તકે આભાર વ્યકત કરવામાં આવેલ તેમજ ડો. દિશાંત પરમારની નિમણૂક સિવિલ હોસ્પિટલ લીલીયા ખાતે થતા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ તેમજ ડો. દિશાંત પરમારને પુષ્પગુચ્છ અને સાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવેલ આ તકે જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા, નીતિનભાઈ ત્રિવેદી, રમેશભાઈ.એલ. પરમાર, તાલુકા વિકાસ અધિકારી કિશોરભાઈ આચાર્ય, ખોડાભાઈ માલવિયા, ગૌતમભાઈ વિછીયા, સરપંચ જીવનભાઈ વોરા, તુષાર ધોરાજીયા, ભરતભાઈ ઠુંમર, હિતેશ પરમાર, કેપ્ટન ધામત મનોજભાઈ વિંઝુડા, જીવરાજભાઈ પરમાર, હરેશભાઈ રાઠોડ, વિજય કોગથીયા, શાંતિભાઈ વાઘેલા, ચેમ્બર ઓફ કોમર્સના દિનેશ સંગતાણી, ભદ્રેશભાઈ ભગવતી ફરસાણ, તુલસીભાઈ શેખલીયા, નીરજ હેલૈયા સહિત લીલીયા સિવિલ હોસ્પિટલના ડોકટર એ.આર. પ્રકાશ ડો. તોમર સહિત લીલીયા હોસ્પિટલના સ્ટાફ દ્વારા ઉષ્માભર્યુ સ્વાગત કરાયુ હતું તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનનાં માર્ગદર્શનતળે

# અમરેલીમાં આજે તમાકુ નિષેધ જનજાગૃત્તિ અર્થે બાઈક રેલી યોજાશે

### જિલ્લા પંચાયત પરિસરથી રેલીનો પ્રારંભ

અમરેલી, તા. ૩૦

સમગ્ર વિમાં તા.૩૧ મે, 'વિ તમાકુ દિન' તરીકે ઉજવવામાં આવે છે. આ માટે વિ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા દર વર્ષે જનજાગૃત્તિ અર્થે થીમ આધારિત કાર્યક્રમો યોજવામાં આવે છે. અમરેલી જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ દ્વારા શનિવાર તા.૩૧ મે, ૨૦૨૫ના રોજ સવારે ૮:૩૦ વાગ્યે જનજાગૃત્તિ અર્થે બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ રેલીનો પ્રારંભ સવારે ૮:૩૦ કલાકે અમરેલી જિલ્લા પંચાયતના પરિસરથી થશે. શહેરમાં રેલીના માધ્યમથી તમાકુ અને તેની બનાવટોનો ઉપયોગ ન કરવા અંગેની જનજાગૃત્તિ અર્થે નાગરિકોનું ધ્યાન આકર્ષવાનો પ્રયાસ કરવામાં આવશે.

વિ તમાકુ દિન ૨૦૨૫ની થીમ, 'અનમાસ્કીંગ ધ અપીલ: તમાકુ અને નિકોટિન ઉત્પાદનો પર ઉદ્યોગની યુકિતઓનો ખુલાસો' રાખવામાં આવી રહ્યો છે. જે તમાકુ અને નિકોટિન ઉદ્યોગો દ્વારા ઉત્પાદનોને આકર્ષક બનાવવા માટે ઉપયોગમાં લેવાતી યુકિતઓનો ખુલાસો કરવા પર કેન્દ્રિત કરે છે, તેમ અમરેલી મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી–વ–નોડલ ઓફિસર ટોબેકો કંટ્રોલ, અમરેલી જિલ્લા પંચાયતે એક યાદીમાં જણાવ્યુ છે.

# અમરેલી : ધો. ૧૦ની પરીક્ષામાં યોગેશ્રીબા વાળાને ૯૯.૭૩ પી.આર.



અમરેલી, તા. ૩૦

અમરેલીની ખાનગી શાળામાં અભ્યાસ કરતાં લાલાવદર ગામના યોગેશ્રીબા વાળાને તાજેતરમાં લેવાયેલ ધો. ૧૦ની વાર્ષિક પરીક્ષામાં ૯૯.૭૩ પીઆર મેળવીને શાળામાં તૃતિય ક્રમ મેળવેલ છે અને સમગ્ર કાઠી ક્ષત્રીય સમાજનું ગૌરવ વધારેલ છે. અને યુવા શકિતગૃપ દ્વારા અભિનંદન પાઠવવામાં આવેલ છે.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

### વર્લ્ડનો ટોબેકો ડે

# તમાકુ આજ ક્ષણથી છોડવાનો સંકલ્પ કરીએ : રાજુભાઈ પરિખ



અમરેલી, તા. ૩૦

૩૧મી મે વર્લ્ડનો ડોબેકો ડે (તમાકુ નિષેધ દિવસ) મનાવાય છે. આપણે સહુ કોઈ જાણીએ છીએ તમાકુ ધીમા ઝેર સમાન છે. તમાકુ નશાકારક છે અને છેવટે નશાકારક છે શરૂઆતમાં લેવાથી નશો ચડે છે. પણ થોડીવાર પછી નશો ઉતરતા ફરી લેવાનું મન થાય છે. અને આમ આ વિષચક્ર ચાલ્યા કરે છે. અને છેવટે ગંભીર અને અતિગંભીર રોગો થાય છે. આ અંગે અનેક પ્રકારની જાગૃતિ લાવવાના પ્રયત્નો સરકાર દ્વારા તથા સેવાભાવી સંસ્થા દ્વારા કરવામાં આવતા હોય છે. તમાકુ, સિગારેટ, હોડો, ચિરુડ તથા અન્ય દ્વારા તમાકુ લેવામાં આવતા હોય છે. આ વ્યસનને છોડવું જરૂરી છે. મનોચિકિત્સકો અન્ય હેલ્થ કાર્યકરો ડોકટરો વગેરે આ વ્યસન છોડાવવા મદદરૂપ થશે. દઢસંકલ્પ અને આત્મવિશ્વાસ કેળવવો જોઈએ. તમાકુ નહિ એટલે નહિ જ લેવાતી. કેન્સર, અલ્સર, મોઢાના રોગો વગેરે આ વ્યસનથી થઈ શકે છે. આ તમાકુ છોડવા દઢસંકલ્પ ઉપરાંત યોગ, કસરત, સારી કંપની, વાંચન, પોષ્ટીક આહાર, ૭ થી ૮ કલાકની ઉંઘ, વોકીંગ વગેરેનો સહારો લઈ શકાય. આ વ્યસનથી શારીરિક, માનસિક, સામાજીક, આર્થિક પતન જ થાય છે. એટલે તમાકુ કાલથી નહિ, આજની નહિ પણ આજક્ષણથી અને અત્યારથી જ તમાકુ કયારેય નહિ તો સંકલ્પ કરીએ તેમ રાજુભાઈ પરિખ સહજ રીતે વ્યકત કરે છે.

## એક તરફ સમગ્ર વહીવટીતંત્ર ''સ્વચ્છતા અભિયાન'' ચલાવી રહ્યું હોય તે સમયે

# લ્યો બોલો : બાબરાનાં વોર્ડ નં. ૪માં ગંદકીનાં ગંજ ખડકાયા

**ભૂગર્ભ ગટરનાં ખુલ્લા ઢાંકણા અને નિયમિત સફાઈનાં અભાવે ગંદકીનો માહોલ**

**ગંદકીનાં ગંજથી જનઆરોગ્ય ઉપર ગંભીર ખતરો ઉભો થયો**

**ખુલ્લી ગટરોથી અકસ્માતની ઘટના બનશે તો જવાબદારી કોની ?**

**વેપારી અગ્રણી મનસુખભાઈ કારીયાએ ઉગ્ર રજૂઆત કરી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩૦

બાબરામાંનગરપાલિકાઉપ પ્રમુખઅંકુર જસાણીના વોર્ડ નંબર ૪માં અનિયમિત સફાઈ તેમજ ખૂલ્લી કુંડીના કારણે સ્થાનિક લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. અનેકવાર રજુઆત કરવા છતાં પાલિકા ઉપ પ્રમુખ સહિતના સ્થાનિક વોર્ડના સભ્યો ધ્યાન નહિ આપતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

બાબરા ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ અગ્રણી અને વોર્ડ નંબર ૪માં રહેતા મનસુખભાઈ કારીયાએ ઉગ્ર રોષ સાથે નગરપાલિકામાં રજુઆત કરેલ છે કે, અહીં ચાર નંબરમાં આવેલ હવેલી શેરી વિસ્તારમાં પાલિકા દ્વારા સફાઈ કરવામાં નહિ આવતા ગંદકીના ગંજ અને ઉકરડાના ઢગલા થયા છે. અહીં જૈન લોકોનું ઉપાશ્રય અને વૈષ્ણવની હવેલી સહિતના ધાર્મિક સ્થળ આવેલા હોવાથી મોટી સંખ્યામાં સવારે લોકો પૂજા પાઠ તેમજ દર્શન કરવા આવતા હોય છે. ત્યારે લોકોને ના છૂટકે ગંદકીવાળા વિસ્તારમાં પસાર થવાની ફરજ પડે છે તેમજ આજ શેરીમાં ભૂગર્ભ ગટરની ખૂલ્લી કુંડી આવેલી છે અકસ્માતે કોઈ રાહદારીઓ કે રહીશનો પગ પડી જશે અને ઈજાઓ થશે તો કોણ જવાબદાર ? તેવો વેધક સવાલ કરતા વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં ચાર સભ્યો ભાજપના છે મત માંગવા સમયે વાયદાઓ ખૂબ આપ્યા પણ વોર્ડમાં આજ દિન સુધી ડોકાયા નથી. ઉપ પ્રમુખને રૂબરૂ મળી રજુઆત કરીએ તો માત્ર આાસન મળે છે કામ થતું નથી. ત્યારે નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર દ્વારા વોર્ડ વિસ્તારની રૂબરૂ મુલાકાત કરી ત્વરિત સફાઈ કરાવે તેવી લાગણી અને માંગણી વોર્ડ વિસ્તારના લોકો અને અગ્રણીઓ દ્વારા કરવામાં આવી છે.

## બંને પક્ષનાં મળી એકી સાથે ૯ વ્યકિતઓ આરોપી બની ગયા

# સાવરકુંડલામાં ભાઈ અને પિતા સાથે માથાકૂટ કરનાર સાથે સમાધાન કરવા જતાં વકીલ ઉપર થયો હુમલો

## જો કે સામાપક્ષેથી પણ વકીલ સહિતે હુમલો કર્યાની ફરિયાદ

અમરેલી, તા. ૩૦

સાવરકુંડલા ગામે આવેલ મણીનગરમાં રહેતા ઈરફાનભાઈ ઈસુભાઈ ઉર્ફે ઈસાભાઈ સુમરા નામના ૩૦ વર્ષિય વકીલના ભાઈ ઈમરાન તથા તેમનાં બાપુજીને સાવરકુંડલા ગામે રહેતા આરોપી આસીફભાઈ સૈયદ તથા રૂસ્તમભાઈ કાજી સાથે માથાકુટ થયેલ હોય અને વકીલના ભાઈને ધોકો મારી છરી લઈને પાછળ દોડેલ હોય. જે બાબતે વકીલ યુવક આરોપી આસીફભાઈ સૈયદને ફોન કરી ઠપકો આપેલ. જેથી આરોપીને સારૂ નહી લાગતા આરોપીએ વકીલને સમાધાન કરવા માટે સાવરકુંડલા ગામે બસ સ્ટેન્ડ પાસે આવેલ આરોપી રૂસ્તમભાઈ કાજીની દુકાને બોલાવી તમામ ૬ જેટલાં આરોપીઓએ એકસંપ કરી વકીલ યુવકને પકડીને પછાડી દઈ અને માર મારી તેમજ કોયતા વડે ડાબા હાથ ઉપર એક ઘા મારેલ તેમજ પેટના ભાગે છરી મારી તથા વાસા ભાગે તલવારનો ઘા મારતા વકીલ યુવક ભાગવા જતા આરોપી અનવર સૈયદે પોતાની તુફાન ફોર વ્હીલ લઈ વકીલ યુવકને પાછળથી ટક્કર મારી રોડ ઉપર પછાડી દિધેલ હતા ! બાદ તે ઉભા થઈ ભાગવા જતા આરોપીએ ડાબા પગના ગોઠણના ભાગે તથા જમણા હાથની આંગળી ઉપર છરી મારી એકસંપ કરી વકીલ યુવકને શરીરે અલગ–અલગ જગ્યાએ ગંભીર ઈજા કર્યાની તથા હથિયારબંધી જાહેરનામાનો ભંગ કર્યા અંગેની ૬ આરોપીઓ સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

તો સામા પક્ષે આ બનાવમાં રૂસ્તમભાઈ બાબુભાઈ કાજીએ તેમના મિત્ર આસીફભાઈ તથા ઈરફાનભાઈ સાથે આરોપી સામાવાળા ઈસુભાઈ ઉર્ફે ઈસાભાઈ સુમરા, ઈમરાન ઉર્ફે ટીમો ઈસુબભાઈ સુમરા તથા ઈરફાનભાઈ ઈસુબભાઈ સુમરાએ સાવરકુંડલા ગામે મણીનગરમાં દુકાન રાખવા આરોપીઓએ ગાળો આપતા હોય તથા બોલાચાલી કરતા હોય તે દરમ્યાન રૂસ્તમભાઈ વચ્ચે પડતા આરોપીઓને સારૂ નહી લાગતા તેમને ગાળો આપી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી જતા રહેલ. બાદમાં આરોપીએ રૂસ્તમભાઈની દુકાને આવી કહેવા લાગેલ કે તે કેમ મારા ભાઈ તથા બાપુજી સાથે માથાકુટ કરેલ છે ? તેમ કહી પેન્ટના નેફામાંથી છરી કાઢી અને મારવા જતા પોતાનો બચાવ સારૂ હાથ આડો હાથ રાખતા ઈજા થયેલ અને બીજો ઘા વાંસાના ભાગે મારતા ઈજા કર્યાની સામી ૩ સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧, મો. ૯૩૧૩૪ ૮૦૮૦૧
પ્રવેશની ઉત્તમ તક...
વર્ષ-૨૦૨૫માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...
શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે
પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
F.Y.B.Com. SEMESTER-1 | S.Y.B.Com. SEMESTER-3 | T.Y.B.Com. SEMESTER-5 | M.Com. SEMESTER-1,3
- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ
- તદ્દન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન ક્લાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠ્ય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા, પ્રિન્સિપાલ, મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
www.mdscollege.org
શ્રીમતિ વનીતા બી. સીતાપરા, મેનેજીંગ ટ્રસ્ટી, મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮



ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, ફિરદૌસ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



પ્રિસીસન ટેલીકોમ
Total Solution of Tele Comunication & Video Surveillance...
CCTV કેમેરા, NVR,DVR વાયરલેસ સિક્યુરીટી સિસ્ટમ
ટેલીફોન,કોર્ડલેસ ફોન
Wi-Fi મોડેમ
EPABX
નોટ કાઉન્ટીંગ મશીન
L.E.D. T.V. (24" થી 85")
પ્રોજેક્ટર, અને ઘણું બધું..
વેચાણ તથા રીપેરીંગ
ફક્ત એક ફોન કરો અને તમારી દરેક સમસ્યાઓનું સમાધાન મેળવો..
કમલેશ ટાંક
9825176163





પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.








ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫





આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999





» - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

# વડેરા ગામે મેલેરીયા વિરોધી માસ અંતર્ગત કામગીરી કરાઈ



વડેરા ગામના લોકોને વાહકજન્ય રોગો જેવા કે મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના મચ્છર ચોખ્ખા અને બંધીયાર પાણીમાં થાય છે. તે અંગે આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું તથા લોકોને સમજાવવામાં આવ્યું કે પોતાના ઘરની અગાશીમાં, ફળિયામાં કે ઘરની આજુબાજુમાં કોઈ પણ ભંગાર અથવા ડબ્બા–ડુબલી, ટાયર હોઈ તેમાં વરસાદનું પાણીના ભરાઈ તે રીતે રાખવા અથવા તેનો નિકાલ કરવા અંગે પણ આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું. અને ગામના ૩૦ જેટલા ખુલ્લા પાણીનાં ટાંકામા પોરાભક્ષક ગપ્પી માછલીઓ મુકવામાં આવેલ. આ કામગીરીને સફળ બનાવવા માટે સ્થાનિક આરોગ્ય કર્મચારી સપનાબેન રાણવા, ડી.જી રાજયગુરૂ, બીલકીસબેન ભટ્ટી અને કાજલબેન જાદવએ જહેમત ઉઠાવેલ.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીમાં કોરોના માટે

જથ્થો પણ પૂરતો છે અને સ્થાનિક કક્ષાએ કોરોનાનું ટેસ્ટિંગ થઈ શકે તે માટેની લેબોરેટરીની પણ વ્યવસ્થા તૈયાર કરવામાં આવેલ છે.

હાલમાં સૌરાષ્ટ્રના રાજકોટ સહિત ગુજરાત તેમજ દેશના જુદા જુદા રાજયોમાં કોરોનોના કેસોમાં અચાનક જ વધારો જોવા મળી રહ્યો છે. જિલ્લા આરોગ્ય અધિકારી ડો. જોશીએ જણાવ્યું કે, હજી સુધી અમરેલી જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી અને ઘણા સમયથી કોરોનાનો નવો કોઈ કેસ આવ્યો પણ નથી. જેથી અમરેલી જિલ્લામાં હાલ પરિસ્થિતિ સંપૂર્ણપણે કાબૂમાં છે અને લોકોએ પણ કોરોનાથી કોઈ ગભરાવાની જરૂરિયાત પણ નથી.

અમરેલી જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા ભવિષ્યમાં કોઈ કોરોનાનો કેસ આવે અથવા તો કોઈ પણ પ્રકારની કોરોનાને લઈ કોઈ પણ પરિસ્થિતિ સર્જાય તો તે માટે આવા દર્દીઓને તાત્કાલિક સારવાર આપી શકાય તે માટે અમરેલીની સિવિલ હોસ્પિટલમાં ઓકિસજન સાથેના ૭૦૦ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. અમરેલી જિલ્લામાં કુલ ૧૩૦૦ જેટલા બેડ છે અને ડોકટરની ટીમ પણ ખડે પગે છે અને દવાનો જથ્થો પણ પૂરતા પ્રમાણમાં છે.

જોકે હાલમાં કોરોના માટે થઈ ગંભીર પરિસ્થિતિની શકયતા ઘણી ઓછી છે તેમ છતાં પણ તકેદારીના ભાગરૂપે તંત્ર દ્વારા આ પ્રકારની તૈયારીઓ કરવામાં આવેલી છે. જેથી લોકોએ કોઈ પણ પ્રકારે ગભરાવુ નહી અને ખોટી અફવાઓ ના ફેલાવવા પણ વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

અમરેલી સિવિલ હોસ્પિટલમાં તમામ બેડમાં ઓકિસજનની પણ સુવિધા છે. ઓકિસજન ટેન્ક પણ છે અને વધારે જરૂર પડે તો સાવરકુંડલા સીએચસી સેન્ટરમાં પણ સારવાર આપી શકાય તે માટેની વ્યવસ્થા છે. પીપીટી કીટ, માસ્ક વગેરેનો જથ્થો પણ પૂરતો છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૮૫૦ | ૮૫૫ |
| ૨ | તલ | ૧૭૭૪ | ૧૭૪૪ |
| ૩ | ધાણા | ૧૧૦૫ | ૧૧૦૫ |
| ૪ | શીંગ ફાડા | ૧૧૬૦ | ૧૨૦૦ |
| ૫ | સોયાબીન | ૬૮૦ | ૭૮૮ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૦૦ | ૧૪૯૨ |
| ૨ | મગફળી | ૯૩૧ | ૧૦૧૮ |
| ૩ | ચણા | ૧૦૫૨ | ૧૦૯૨ |
| ૪ | જુવાર સફેદ | ૭૦૦ | ૭૦૦ |
| ૫ | તલ સફેદ | ૧૪૭૬ | ૧૪૭૬ |
| ૬ | તુવેર | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૭ | સોયાબીન | ૭૦૦ | ૭૦૦ |
| ૮ | જીરૂ | ૩૫૫૧ | ૩૫૫૧ |
| ૯ | મેથી | ૮૦૦ | ૮૦૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૩૦ | ૧૦૫૫ |
| ૨ | શિંગ મોટી | ૯૨૦ | ૧૧૦૬ |
| ૩ | શિંગદાણા | ૯૭૨ | ૧૪૦૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૧૫૦ | ૧૪૪૦ |
| ૫ | તલ સફેદ | ૧૧૦૦ | ૨૩૦૦ |
| ૬ | તલ કાળા | ૨૦૦૦ | ૩૬૧૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૮૫૦ | ૨૧૭૦ |
| ૮ | બાજરો | ૩૫૮ | ૪૮૦ |
| ૯ | જુવાર | ૨૭૧ | ૭૮૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૫૧ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૦૩ | ૫૨૮ |
| ૧૨ | મકાઈ | ૨૦૦ | ૫૧૨ |
| ૧૩ | મગ | ૧૧૨૦ | ૧૬૬૦ |
| ૧૪ | અડદ | ૫૦૦ | ૧૨૧૦ |
| ૧૫ | ચણા | ૭૦૦ | ૧૦૯૩ |
| ૧૬ | ચણા દેશી | ૧૦૫૫ | ૧૧૦૨ |
| ૧૭ | ચણા સફેદ | ૯૭૫ | ૧૦૭૬ |
| ૧૮ | છોલે ચણા | ૧૭૦૧ | ૧૭૦૧ |
| ૧૯ | તુવેર | ૯૨૦ | ૧૨૮૬ |
| ૨૦ | કપાસ | ૭૦૦ | ૧૫૫૭ |
| ૨૧ | એરંડા | ૧૧૩૫ | ૧૨૨૬ |
| ૨૨ | જીરૂ | ૨૧૦૦ | ૩૮૫૦ |
| ૨૩ | રાયડો | ૯૦૫ | ૯૦૫ |
| ૨૪ | ધાણા | ૧૦૫૦ | ૧૨૭૪ |
| ૨૫ | ધાણી | ૧૦૨૦ | ૧૩૭૧ |
| ૨૬ | અજમા | ૮૪૦ | ૮૪૦ |
| ૨૭ | મેથી | ૬૫૦ | ૮૮૧ |
| ૨૮ | સોયાબીન | ૬૦૦ | ૮૧૫ |
| ૨૯ | કાંગ | ૪૪૦ | ૪૮૦ |

## ૩૧ મે, વિશ્વ તમાકુ નિષેધ દિવસ




અમરેલી, તા. ૩૦

'વિશ્વ તમાકુ નિષેધ દિવસ' મનાવવાનો મુખ્ય હેતુ તમાકુ પ્રત્યે લોકોમાં જાગૃતિ લાવવાનો છે. તમાકુ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. એક અંદાજ મુજબ સામાન્ય રીતે તમાકુનો શિકાર ૧૨ થી ૧૭ વર્ષની વયના યુવા થાય છે. આ પાછળનું કારણ કયારેક કઈક નવું કરવાની જિજ્ઞાસા હોય છે. તો કયારેક અન્ય કરતાં પોતે મોટા છે. એવું સાબિત કરવાની લાલસ પાછળ સગીર વયે વ્યકિત વિવિધ વ્યસનોનો શિકાર થાય છે.

તમાકુ નિષેધ માટે જનજાગૃતિ હેતુ આ દિવસ પસંદ કરવામાં આવ્યો છે. પરંતુ ખરેખર તો આવા માદક પદાર્થોના નિષેધ માટે કોઈ પણ નિશ્ચિત દિવસ હોતો નથી. કોઈ પણ વ્યકિત ઈચ્છે ત્યારે તેને બંધ કરી શકે છે. બસ આ માટે જે તે વ્યકિતએ પોતાનું મન મક્કમ કરવાની આવશ્યકતા છે. તમાકુની ખરાબ અસર મુખ્યત્વે ઉધરસ અને ગળામાં બળતરાની સાથે શરૂ થાય છે અને સમય જતાં તે હૃદય રોગ, શ્વાસ નળીનો સોજો, ન્યુમોનિયા સ્ટ્રોક અને ઘણા પ્રકારના કેન્સર જેવી સ્વાસ્થ્ય સમસ્યાઓ સહિત વધુ ગંભીર પરિસ્થિતિ પણ સર્જી શકે છે. જેમાં સૌથી ગંભીર અને વધુમાં વધુ જોવા મળતી સમસ્યા ઓરલ કેન્સર (માઉથ કેન્સર) છે. જો તમાકુનાં સેવનની આદતો હશે તો તે ફેફસા માટે હાનિકારક બનશે અને તેનાથી મૃત્યુ પણ નીપજી શકે છે. અહીં કયારેક એ સવાલ પણ પેદા થાય છે. કે ભારત જેવા દેશમાં જયાં તમાકુ, સીગારેટના પેકિંગ પર જ તેના ઉપયોગ કર્યા પછીના પરિણામો દર્શાવેલ હોય છે અને કોઈ ફિલ્મ બતાવતા પહેલા પણ વ્યસન નિષેધ જાગૃતિના વિજ્ઞાપનો દર્શાવાય છે છતાં પણ દેશમાં મોટા ભાગે લોકો કોઈને કોઈ વ્યસનનો શિકાર થતા જ હોય છે. ધુમ્રપાનની સમસ્યાની વાત કરીએ તો તે મુખ્યત્વે મેટ્રોસિટીમાં (શહેરોમાં) વધારે જોવા મળે છે. તેની પાછળ મેટ્રોસિટિનું (શહેરોનું) વ્યસ્ત જીવન, સતત ચાલતું અને દોડધામ કરતું શરીર અને મનને લાગતો માનસિક થાક જવાબદાર છે. વધતી જતી હરિફાઈમાં વ્યકિત પર સતતને સતત કામનું દબાણ રહેવાનું એ સ્વાભાવિક છે પરંતુ તેના કારણે માદક દ્રવ્યોના સેવનનું આદિ થઈ જવું એ કોઈ સમસ્યાનો હલ ન કહી શકાય. આવી આદત છોડવા માટે વ્યકિતએ સૌ પ્રથમ મક્કમ નિર્ધાર કરવો પડશે. જેના માટે એકાગ્રતા ચિતની શકિતની આવશ્યકતા છે. આ શકિત ધ્યાન પ્રાણાયામ અને યોગથી શકય બની શકાશે. તમામ વ્યસનોનાો ત્યાગ કરીએ.

– મિતલ ખેતાણી
(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)

## લાઠીનાં કરકોલિયા સહિતની શાળામાં મધ્યાહન ભોજન સંચાલક માટે અરજી કરો

અમરેલી, તા. ૩૦

લાઠી તાલુકાના કરકોલિયા, ગોવિંદપરા, દુધાળા, માલવિયા પીપરિયા, રામપરા પ્રાથમિક શાળાના મધ્યાહન ભોજન કેન્દ્ર ખાતે સંચાલકની આવશ્યકતા છે.

જગ્યાઓ માટે સરકારના નિયમો અનુસાર માનદ વેતન આપવામાં આવશે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૩ જૂન, ૨૦૨૫ સુધીમાં લાઠી તાલુકા મામલતદાર કચેરી મધ્યાહન ભોજન યોજના શાખામાંથી જાહેર રજા સિવાય કચેરી સમય દરમિયાન વિનામૂલ્યે અરજીપત્ર મેળવી જરૂરી દસ્તાવેજો આધાર પુરાવા સાથે અરજીપત્ર તા. ૩ જૂન, ૨૦૨૫ બપોરના ૩ વાગ્યા સુધીમાં કચેરી સમય દરમિયાન લાઠી મામલતદાર કચેરી મધ્યાહન ભોજન યોજના શાખા ખાતે પહોંચાડવા.

આ જગ્યા માટે ઉમેદવારની શૈક્ષણિક લાયકાત ધો. ૧૦ પાસ, જાહેરનામાની તારીખે ઉમેદવાર માટે વયમર્યાદા ૨૦ વર્ષથી વધુ અને ૬૦ વર્ષથી ઓછી હોવી જોઈએ.

નિયમોનુસારની અરજી, લાયકાત, વયમર્યાદા તથા સરકાર દ્વારા ઠરાવવામાં આવેલા ધોરણો ધરાવતા ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવશે. માત્ર મુલાકાત માટે બોલાવવાથી કોઈ ઉમેદવાર આ જગ્યા માટે નિમણૂક મેળવવા હકદાર બની જતા નથી, ઉમેદવારની પસંદગી માટે જરૂર જણાય મુલાકાત દરમિયાન ઉમેદવારે વિશેષ વિગતો રજૂ કરવી.

અધૂરી વિગત હોય તેવી નિયત સમય મર્યાદા બાદ મળેલી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિ તેમ લાઠી તાલુકા મામલતદારએ એક યાદીમાં જણાવ્યુ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૫૫ |
| ૨ | શીંગ મોટી | ૧૦૧૦ | ૧૦૫૧ |
| ૩ | શીંગ નવી | ૯૫૦ | ૧૧૭૫ |
| ૪ | શીંગ દાણા | ૧૨૦૦ | ૧૪૨૧ |
| ૫ | તલ સફેદ | ૧૬૭૫ | ૨૧૨૧ |
| ૬ | તલ કાળા | ૩૦૦૦ | ૩૫૨૫ |
| ૭ | જીરૂ | ૩૨૦૦ | ૩૮૨૫ |
| ૮ | કપાસ | ૧૩૫૦ | ૧૫૦૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૩૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૫૧ |
| ૧૧ | બાજરો | ૩૩૦ | ૬૨૧ |
| ૧૨ | જુવાર | ૪૫૦ | ૭૭૦ |
| ૧૩ | મકાઈ | ૩૦૦ | ૫૦૦ |
| ૧૪ | મગ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ૧૫ | અડદ | ૮૫૦ | ૧૦૦૦ |
| ૧૬ | ચણા | ૧૦૫૦ | ૧૧૦૦ |
| ૧૭ | દેશી ચણા | ૧૦૫૦ | ૧૨૩૦ |
| ૧૮ | તુવેર | ૧૧૦૦ | ૧૨૬૦ |
| ૧૯ | એરંડી | ૧૧૨૫ | ૧૧૯૦ |
| ૨૦ | ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૨૧ | સોયાબીન | ૭૧૦ | ૭૮૫ |

## રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત
# જાફરાબાદ પંથકમાં ટીબી મુક્ત માટે અભિયાન
### ડોર ટુ ડોર અભિયાન શરૂ કરાયુ


તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૩૦

આગામી ૧૦૦ દિવસ ટીબીના શંકાસ્પદ દર્દીઓને શોધવામાં આવે છે. એકસ રે. ગળફાની તપાસ કરાશે. જાફરાબાદ આરોગ્ય વિભાગ દ્વારા રાષ્ટ્રીય ટીબી નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત આવતા ૧૦૦ દિવસમાં કેમ્પને મોડમાં ટીબીના શંકાસ્પદ દર્દીઓ શોધવા માટે કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૬૦ વર્ષની ઉપરની વય ધરાવતા તમામ નાગરિકો, બીપી, ડાયાબીટીસ જેવા રોગોના દર્દીઓ, તમાકુ અને આલ્કોહોનું વ્યસન ધરાવતા લોકો ઝુંપડી પટ્ટી, કંપની પર વસવાટ કરતા લોકો વગેરે ટીબી રોગ થવા માટે શંકાસ્પદ તમામની મુલાકાત કરી આગોગ્ય તપાસ એકસ રે અને ગળફાની લેબોરેટરી તપાસ કરી પોઝિટીવ દર્દીઓને સારવાર આપવામાં આવે છે. જેના ભાગરૂપે જાફરાબાદ તાલુકાના તમામ આરોગ્ય કર્મીઓની તાલીમ આરોગ્ય કચેરી ખાતે યોજાઈ હતી. તાલુકા આરોગ્ય અધિકારી ડો. મયુરના માર્ગદર્શન તેમજ મેડિકલ ઓફિસર ડો. નકુમ તેમજ તાલુકા સુપરવાઈઝર સંદિપભાઈ જોષી દ્વારા લોકોના ઘરે ઘરે જઈને ટીબીના દર્દીઓને દવા સાથે દર્દીઓને પુષ્ટિ આહાર વિશે માર્ગદર્શન અને દેખરેખ હેઠળ તેઓ દ્વારા ખુબ મહેનત કરવામાં આવી રહી છે. તેમજ આ કાર્યક્રમમાં આરોગ્ય તંત્રને સાથ સહકાર આપી ટીબી નિર્મૂલન સહભાગી બનવા લોકોને અપીલ કરી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું રેન્જ આઈજીનું આગમન

આ ઘટનામાં મૃત્યુ પામેલ યુવક નિલેશ રાઠોડના વતન લાઠીના જરખીયા ગામે પહોંચ્યા હતા. જયાં તેઓએ યુવકના પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. અને આ યુવકના હત્યાના બનાવને લઈ ઉચ્ચ અધિકારીઓ દ્વારા નિષ્પક્ષ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવેલ છે.

ભાવનગર રેન્જ આઈ.જી. ગૌતમ પરમાર સાથે અમરેલીના એસ.પી. સંજય ખરાત, વિભાગીય પોલીસ વડા ચિરાગ દેસાઈ, લોકલ બ્રાન્ચ અને સ્પે. ઓપરેશન ગ્રુપના અધિકારીઓ પણ ઘટના સ્થળનું નિરીક્ષણ કર્યુ હતું.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૨૦ | ૧૫૩૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૬૦ | ૧૩૯૦ |
| ૩ | મગફળી | ૯૮૮ | ૧૦૩૨ |
| ૪ | જીરૂ | ૨૮૧૦ | ૩૯૨૦ |
| ૫ | ઘઉં | ૪૭૫ | ૫૦૫ |
| ૬ | તલ સફેદ | ૧૬૦૫ | ૨૦૨૫ |
| ૭ | તલ કાળા | ૨૬૧૦ | ૩૪૦૦ |
| ૮ | ચણા | ૧૦૫૩ | ૧૦૮૭ |
| ૯ | મગ | ૧૨૩૦ | ૧૪૯૦ |
| ૧૦ | બાજરો | ૪૩૦ | ૪૮૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૦૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૧૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૪૯૦ |
| ૪ | ધાણા | ૧૧૩૫ | ૧૧૭૦ |
| ૫ | ચણા | ૮૦૦ | ૧૦૫૮ |
| ૬ | તુવેર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૭ | શીંગદાણા | ૧૧૦ | ૧૨૦૦ |
| ૮ | મગફળી | ૧૧૦૫ | ૧૧૫૦ |
| ૯ | બાજરો | ૪૫૦ | ૪૫૦ |
| ૧૦ | સોયાબીન | ૫૦૦ | ૭૯૨ |
| ૧૧ | મકાઈ | ૩૫૫ | ૩૫૫ |
| ૧૨ | મગ | ૧૦૦૦ | ૧૩૬૧ |
| ૧૩ | જુવાર | ૩૩૫ | ૩૩૫ |
| ૧૪ | જીરૂ | ૨૭૦૦ | ૩૫૨૫ |
| ૧૫ | મગફળી | ૬૫૦ | ૯૦૦ |

## પાના ૧ ઉપરનું ચાલું બાબરાનાં પોલીસકર્મીએ સગીરા સાથે

હતો અને મોટર સાઈકલમાં બેસાડી કમળ શી હાઈસ્કૂલની પાછળની જગ્યાએ લઈ જઈ શરીરે અડપલા કર્યા હતા. ત્યારે તેના ફોનમાં કોઈ પોલીસવાળાના ફોન આવતા હોવાથી તે શિવાજી ચોક પાસે સગીરાને ઉતારી ચાલ્યો ગયો હતો. સગીરાને પરિવારજનો જોઈ જતા પુછપરછ કરતા સગીરાએ સમગ્ર હકીકત જણાવતા કહ્યું હતું કે, ચારેક મહિનાથી રવિરાજસિંહ પોલીસ વાળો ધમકીઓ મારી હેરાન પરેશાન કરતો હોય અને મારી સાથે એકવખત બળજબરીપૂર્વક શરીર સબંધ પણ બાંધ્યો હતો. સગીરાની વાત સાંભળી પરિવાર પોલીસ મથકે પહોંચી કોન્સ્ટેબલ રવિરાજસિંહ ચૌહાણ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે પોકસો સહિતની કલમ હેઠળ ગુન્હો નોંધી પોલીસમેનની કાયદેસરની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે. વધુ તપાસ મહિલા પોલીસ મથકનાં પીઆઈ જે.આર. સરવૈયા ચલાવી રહ્યા છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં આજે રાત્રિનાં

એક્સરસાઈઝ (અંધારપટ)ના ભાગરૂપે અમરેલી જિલ્લાના નાગરિકોને સ્વંયભૂ ઘર, વ્યવસાયના સ્થળો સહિતની જાહેર જગ્યાઓ પર લાઈટ બંધ રાખવા અને અતિ આવશ્યક ન હોય તો માર્ગો પર વાહનો સાથે નીકળવાનું ટાળવા અને અંધારપટ જાળવવા માટે સહયોગ આપવા અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાએ અનુરોધ કર્યો છે.

ઓપરેશન શીલ્ડ અંતર્ગત તકેદારીના ભાગરૂપે શનિવારે બ્લેકઆઉટ એક્સરસાઈઝ યોજી નાગરિકોને જાગૃત્ત તેમજ ઓપરેશન શિલ્ડ અને તેના મહત્વ અને જરૂરિયાત બાબતે સમજૂત કરવા માટે રાજય સરકાર દ્વારા સૂચના આપવામાં આવી છે.

આ અન્વયે અમરેલી જિલ્લાના તમામ મહત્વના સ્થળો, ડેમ, ઔદ્યોગિક એકમોની પ્રોડક્શન સિવાયની સાઈટ તેમજ રહેણાંક મકાનો, વ્યવસાયિક એકમોને બ્લેકઆઉટમાં સ્વયંભૂ જોડાવવા માટે જાગૃત્ત કરવાના છે.

આ સમયે પણ જિલ્લામાં હોસ્પિટલ–દવાખાનાઓ અને આવશ્યક સેવાઓ સહિત ઈમરજન્સી તમામ સેવાઓ વિના વિક્ષેપ યથાવત રીતે શરૂ રહેશે, તેમને આબાબતથી મુક્ત રાખવામાં આવશે.

બ્લેકઆઉટ એક્સરસાઈઝમાં વધુમાં વધુ નાગરિકોને જોડી રાત્રિના ૮.૦૦ વાગ્યાથી ૮.૩૦ વાગ્યા સુધી લાઈટ બંધ રાખવા જાગૃત્ત કરવાના પ્રયાસો અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવશે.

જિલ્લાના તમામ ડેમ અને જે સ્થળોએ સાઈરન છે તેવા સ્થળોએ રાત્રિના ૮.૦૦ કલાકે સાઈરન વાગશે. સાઈરન વાગતા નાગરિકોએ લાઈટ બંધ રાખવાની છે. જરૂરી ન હોય તેવો વાહન વ્યવહાર પણ સ્થગિત રહે તે માટે નાગરિકોએ સહકાર આપવો.

ઓપરેશન શીલ્ડ અન્વયે રાજુલા મુકામે કોસ્ટગાર્ડ સાઈટ પર મોકડ્રીલ યોજાશે. આ સાથે સંભવિત સ્થિતિને પહોંચી વળવા સિવિલ ડિફેન્સ, એન.સી.સી. એન.એસ.એસ., નહેરૂ યુવા કેન્દ્ર સહિતના સ્વયંસેવકોને જોડી રકદાન તેમજ રાહત બચાવની કામગીરીમાં જોતરવામાં આવશે. જે સ્વયંસેવકોએ નોંધણી કરાવી છે તેમણે સંબંધિત કચેરીનો સંપર્ક કરવો. સ્વંયસેવક તરીકે જરૂરી હોય ત્યાં જોડાવવાનું રહેશે, આ તમામના રિસ્પોન્સિંગ સમય નોંધવામાં આવશે.

### મામલતદાર અને તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી.નં. ૯૦/૨૦૨૫ તા.૦૫/૦૫/૨૦૨૫

વિવાદી : **શ્રી કૈલાસબેન બાબુલાલ ડોડીયા**, વા/ઓફ **નવનીતભાઈ નાનજીભાઈ કારેલીયા** રહે. ચિત્તલ, તા.અમરેલી, જિ.અમરેલી. (મો.નં. ૯૯૦૯૭ ૭૪૬૩૨)

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી : જન્મ–મરણ નોંધણી અધિકારી–વ–તલાટી કમ મંત્રીશ્રી, થોરખાણ ગ્રામ પંચાયત કચેરી, થોરખાણ, તા.બાબરા, જિ.અમરેલી

**–: જાહેર નોટિસ :–**

**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં **અમરેલી** તાલુકાના **મોજે. ચિત્તલ** ગામના રહીશ આ કામના અરજદારશ્રી **કૈલાસબેન બાબુલાલ ડોડીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૪ના રોજ મોજે. થોરખાણ, તા.બાબરા, જિ.અમરેલી** મુકામે થયેલ હોય જે તે સમયે તેમના **જન્મ**ની નોંધ કરાવેલ ન હોય, જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી **જન્મ**ની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં **તા.૦૧/૦૪/૨૦૨૫** થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ **જન્મનોંધ** દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા.૨૯/૦૫/૨૦૨૫ના રોજ બપોરનાં ૧૨:૦૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને મામલતદાર બાબરા**

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૪૧ | ૯૮૦ |
| ૨ | તલ સફેદ | ૧૪૦૧ | ૨૦૭૧ |
| ૩ | તલ કાળા | ૨૪૦૦ | ૨૬૦૧ |
| ૪ | કપાસ | ૧૩૩૬ | ૧૫૦૧ |
| ૫ | બાજરો | ૩૪૬ | ૫૫૭ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૫૧ |
| ૭ | જુવાર | ૫૪૧ | ૧૦૦૩ |
| ૮ | મકાઈ | ૫૪૦ | ૫૪૦ |
| ૯ | મગ | ૧૩૦૦ | ૧૪૫૩ |
| ૧૦ | તુવેર | ૧૦૦૦ | ૧૦૦૧ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૦૮૦ |
| ૧૨ | ધાણા | ૯૨૫ | ૯૨૫ |
| ૧૩ | મેથી | ૯૦૦ | ૯૦૦ |
| ૧૪ | સોયાબીન | ૭૪૦ | ૭૪૦ |
| ૧૫ | એરંડી | ૯૦૭ | ૯૦૭ |

## પાયલ ગોટીને માર મારીને જાહેરમાં સરઘસ કાઢનાર પોલીસ ટીમ પોલીસ કર્મીને કડક સજા અપાવશે ?

# બાબરાનો પોલીસકર્મી રક્ષક મટી ભક્ષક બન્યો : ગોપાલ વસ્તરપરા

### બાબરા અને અમરેલીના પોલીસ કર્મી વિરૂધ્ધ બળાત્કારની ફરિયાદ નોંધાતા ખળભળાટ મચી ગયો

### ભાજપ અગ્રણી દિલીપ સંઘાણી બાદ વધુ એક અગ્રણી ગોપાલ વસ્તરપરા રોષે ભરાયા

### સામાન્ય આદમી સામે ખાખી વર્દીનો પાવર બતાવતો પોલીસ વિભાગ પોલીસ કર્મી સામે શુ કરે છે તે જોવુ રહયું

### જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા મજબુત ન થાય તો આંદોલનની ચીમકી

અમરેલી, તા. ૩૦

અમરેલી જિલ્લામાં સતાધારી પક્ષના આગેવાનો અને પોલીસ વિભગ વચ્ચે છેલ્લા ૩ દિવસથી ચાલતી આક્ષેપ–પ્રતીઆક્ષેપ વચ્ચે આજે જિલ્લા ભાજપનાં કદાવર નેતા દિલીપ સંઘાણીએ લીલીયા પંથકનાં જિલ્લા પંચાયતના સદસ્ય વિપુલ દુધાત ની તરફેણમાં પોલીસ સામે ગંધીર આક્ષેપો સોશ્યલ મીડિયા ન્યુઝ ચેનલમા કર્યા હોય તે સમયે બાબરા ભાજપના અગ્રણી ગોપાલ વસ્તરપરાએ પણ પોલીસ વિભાગને આડે હાથ



લીધો છે.

તેઓએ એક નિવેદનમાં જણાવેલ છે કે, બાબરાના પોલીસ કર્મીઓ એક નિર્દોષ સગીર સાથે બળાત્કાર કર્યો હોય જિલ્લાની પોલીસ આ બળાત્કરનાં આરોપી પોલીસ કર્મીને ફાંસીની સજા અપાવે.

વધુમાં જણાવેલ છે કે, પાટીદાર સમાજની નિર્દોષ દિકરી પાયલ ગોટીને માર મારનાર પોલીસ હવે તેમનાં પોલીસ કર્મીને કડક સજા અપાવશે કે કેમ ? અમરેલી જિલ્લામાં સામાન્ય વ્યકિતને કાયદાનો પાઠ ભણાવનાર પોલીસ તેમના પોલીસકર્મીને કાયદાનુ ણાન કરાવશે નહી તો આગામી દિવસોમાં મુખ્યમંત્રી સુધી રજુઆત કરવામાં આવશે.

અત્રે એ ઉલ્લેખનિય છે કે, ભાજપનાં કદાવર નેતા દિલીપ સંઘાણીએ પણ જિલ્લા પોલીસની કાર્યશૈલી સામે મુખ્યમંત્રીને રજુઆત કરવાની ચીમકી આપી છે. તો ૩ દિવસ પહેલા ભાજપનાં જિલ્લા પંચાયતના સદસ્ય વિપુલ દુધાતે પણ પોલીસની કાર્યશૈલી સામે અવાજ ઉઠાવ્યો છે

---

### ૩૦મે થી ૩ જુન સુધી કેમ્પ યોજાશે

## સાવરકુંડલા : કબીર ટેકરી ખાતે વિનામુલ્યે એકયુપ્રેશર અને આયુર્વેદિક નાડી વિજ્ઞાન કેમ્પનો પ્રારંભ

### દર્દીનારાયણને લાભ લેવા અનુરોધ થયો



સાવરકુંડલા, તા.૩૦

સાવરકુંડલા શહેરમાં કબીર ટેકરી ખાતે વિનામૂલ્યે એકયુપ્રેશર અને આયુર્વેદિક નાડી વિજ્ઞાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.આ કેમ્પમાં સંધિવા, હાથપગનો દુખાવો, સાંધાનો દુખાવો, સ્થૂળતા, લકવો, હરસ મસા જેવા રોગોથી પીડાતા દર્દીઓએ ખાસ લાભ લેવો સાવરકુંડલા સંત કબીર રોડ પર આવેલી કબીર ટેકરી ખાતે તા.૩૦/૫/૨૦૨૫ થી તા. ૩/૬/૨૦૨૫ દરમિયાન સમય સવારે ૯ થી સાંજના ૫ વાગ્યા સુધી એકયુપ્રેશર અને આયુર્વેદિક નાડી વિજ્ઞાનનો વિનામૂલ્યે કેમ્પ યોજાઈ રહ્યો છે. આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય અસાધ્ય રોગોથી પીડાતા દર્દીઓને રાહત આપવાનો છે. આ કેમ્પમાં ચિકિત્સક હિતેનસિંહ વાઘેલા દ્વારા નિઃશુલ્ક સારવાર અને માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવી રહ્યું છે.આ કેમ્પમાં સંધિવા, હાથ–પગનો દુઃખાવો, સાંધાનો દુઃખાવો, સ્થૂળતા (મેદસ્વીતા), લકવો, હરસ–મસા જેવા રોગોથી પીડાતા દર્દીઓ ખાસ કરીને આ સેવાનો લાભ લઈ શકે છે. આયુર્વેદિક નાડી વિજ્ઞાન દ્વારા રોગનું નિદાન અને એકયુપ્રેશર થેરાપી દ્વારા ઉપચાર કરીને દર્દીઓને સ્વસ્થ જીવન જીવવા માટે મદદ કરવામાં આવશે. કેમ્પની વિગતો આ સેવા સંપૂર્ણપણે વિનામૂલ્યે ઉપલબ્ધ છે. સાવરકુંડલા અને આસપાસના વિસ્તારના લોકોને આ આરોગ્યલક્ષી સેવાનો મહત્તમ લાભ લેવા વિનંતી કરવામાં આવે છે. દર્દીનારાયણની સેવાના આ આરોગ્યલક્ષી ઉમદા અભિયાનમાં સૌને સહભાગી થવા હાર્દિક અપીલ કરવામાં આવી રહી છે. કબીર ટેકરી આશ્રમની વાત કરીએ તો અહીં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ થતી રહે છે. જેમાં કબીર સાહેબના સિધ્ધાંત મુજબ ભૂખ્યાને ભોજન પૂરૂ પાડતી જરૂરિયાતમંદ લોકોને માટે ઘર ઘર નિશુલ્ક ટિફિન સેવા દ્વારા ભોજન પહોંચાડવાનું ખૂબજ મહત્વપૂર્ણ સેવાકીય પ્રવૃત્તિઓ થઈ રહી છે. આ ઉપરાંત નિશુલ્ક નેત્રનિદાન અને નેત્ર આરોપણ કેમ્પ પણ દર મહિને યોજાય છે. આ ઉપરાંત જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે નિવાસ તથા ભોજન અને શિક્ષણની સેવા પણ ઉપલબ્ધ છે. સાવરકુંડલા શહેર આવેલ હોસ્પિટલ ખાતે દર્દીઓને વિનામૂલ્યે ભોજન સેવા પણ આ સંસ્થા દ્વારા થઈ રહી છે. કબીર ટેકરી આશ્રમના મહંત નારાયણદાસ આ સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓ સતત વિસ્તરે તે માટે અથાગ પરિશ્રમ કરી રહ્યાં છે. તો શિવરાત્રી પર્વ નિમિત્તે જુનાગઢ તળેટીમાં રાવટી નાખી ભોજન અને ભજનની પ્રવૃત્તિઓ પણ નિયમિત થાય છે. ટૂંકમાં ભજન ભોજન સૂત્રને સાર્થક કરતાં કબીર ટેકરી આશ્રમ મહંત નારણદાસ પોતે એક અલગારી સાધુ છે. આ ઉપરાંત સાહિત્ય સર્જકોને બિરદાવી તેમના વિચારોને વેગ આપવા અવારનવાર સન્માન સમારોહ પણ આ કબીર ટેકરી આશ્રમ ખાતે યોજાય છે. પોતે પ્રકૃતિ પ્રેમી અને ગૌપ્રેમી હોય આશ્રમની ગૌશાળા અને વાડી ખાતે જુદા જુદા વૃક્ષો ઉગાડી તેની માવજત પણ કરતાં જોવા મળે છે. અયોધ્યા ખાતે રામ મંદિર ખાતે યોજાયેલા રામલલ્લા પ્રાગટય મહોત્સવ દર્શનાર્થે જનારા ખૂબ જૂજ સંતોમાં કબીર ટેકરી આશ્રમ મહંત નારણદાસને પણ નિમંત્રણ મળ્યું હતું.

---

## જિલ્લાની ૯૪૧ શાળામાં તા. ૧૮ થી તા.૨૦ જૂન શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ યોજાશે



અમરેલી, તા. ૩૦


તા.૧૮ થી તા.૨૦ જૂન, ૨૦૨૫ (બુધવાર થી શુક્રવાર)દરમિયાન શાળાની તમામ સરકારી પ્રાથમિક, માધ્યમિક, અનુદાનિત માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, જ્ઞાનશકિત અને રક્ષાશકિત રેસિડેન્સિયલ શાળા સહિતની શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ–૨૦૨૫ યોજાશે. શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ–૨૦૨૫ના અમરેલી જિલ્લાના આયોજન અર્થે જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાની ઉપસ્થિતિમાં બેઠક યોજાઇ હતી. જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મિયાણીએ અમરેલી જિલ્લાના શાળા પ્રવેશોત્સવના આયોજનની વિગતો જણાવી હતી.મહત્વનું છે કે, જિલ્લાની ૭૫૧ સરકારી પ્રાથમિક શાળા, સરકારી (૫૫) અને અનુદાનિત (૧૨૮) સહિત ૧૮૩ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, પાંચ જ્ઞાનશકિત અને બે રક્ષાશકિત રેસિડેન્સિયલ શાળા સહિત જિલ્લાની ૯૪૧ શાળામાં સવારે ૮ થી બપોરે ૧:૩૦ વાગ્યા સુધી અલગ–અલગ ત્રણ રૂટ મુજબ કાર્યક્રમ યોજાશે.કાર્યક્રમમાં, દીપ પ્રાગટય, પ્રાર્થના, વકતવ્ય, પ્રેરક ઉદ્‌બોધન, શાળા સંચાલક મંડળ અને મહાનુભાવોનો સંવાદ, વૃક્ષારોપણ સહિતની બાબતોને આવરી લેવામાં આવશે.અમરેલી જિલ્લામાં ૫,૭૪૩ કુમાર અને ૫,૭૪૦ કન્યા સહિત ૧૧,૪૮૩ બાળકો બાલવાટિકામાં તેમજ ૬,૮૩૧ કુમાર અને ૬,૬૦૮ કન્યા સહિત ૧૩,૪૩૯ બાળકો ધો.૧માં પ્રવેશ ઉપરાંત ૯,૩૪૫ કુમાર અને ૮,૫૭૩ કન્યા સહિત ૧૭,૯૧૮ ધો.૮માંથી ધો. ૯માં પ્રવેશ મેળવશે. જિલ્લા કલેકટર કચેરી ખાતે યોજાયેલ

આ બેઠકમાં, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, સુપર ન્યુમરરી મદદનીશ કલેકટર અતુલ સિંઘ, જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મિયાણી, અમરેલી આર.એફ.ઓ જયોતિ ખાખસ, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ઘનશ્યામ સોલંકી, સમાજ સુરક્ષા અધિકારી કટેશિયા, જિલ્લા શિક્ષણ તાલીમ ભવન, જિલ્લા શિક્ષણ સમિતિ સહિત વિવિધ કચેરીના અધિકારી–કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

## સાસણગીર : નારી જાગૃતિ લોક કલ્યાણ ફાઉન્ડેશન દ્વારા નારી શૌર્ય સન્માન સમારોહ યોજાયો





ચલાલા, તા. ૩૦

નારી જાગૃતિ લોક કલ્યાણ ફાઉન્ડેશન એક એવી સંસ્થા જે મહિલા અને બાળવિકાસ પર મહત્વપૂર્ણ કાર્ય કરે છે સોશ્યલ વર્ક સાથે પ્રકૃતિ પર્યાવરણ જીવદયા અભિયાન અંતર્ગત લોક જાગૃતિ તેમજ શૈક્ષણિક પર આરોગ્ય પર કાર્ય સાસણગીર નારી શેર્ય સન્માન સમારોહ ટ્રસ્ટી અને સંસ્થાપક નયનાબેન ભરતભાઈ વિષ્ણુસ્વામી, ટ્રસ્ટી લીનાબેન શાહ, ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અલકાબેન ચૌહાણ, ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ સિદ્ધિબેન, ઉપાધ્યક્ષ જલપાબેન બોસમિયા, ગુજરાત પ્રદેશ મહામંત્રી માધવીબેન ભટ્ટ, જિલ્લા અધ્યક્ષ મીનાક્ષીબેન ઠાકર, ઉપાધ્યક્ષ સરોજબેન દેવમુરારી અને કાર્યક્રમ સંચાલન જિલ્લા ઉપાપ્રયક્ષ વર્ષાબેન મોદીએ કર્યુ હતું અને સંસ્થા ઓલ મેમ્બર્સ ઉપસ્થિત રહ્યા હતા સંસ્થા આજે પોતાની બહુ મોટી ઓળખ ઊભી કરી ચૂકી છે ત્યારે સાસણગીર વાઈલ્ડ લાઈફ સાથે સમન્વય બનાવીને જન જાગૃતિ લાવવા માટે આગળ વધી કામ કરી રહી હોય ત્યારે વન વિભાગ દ્વારા પણ સંસ્થાને પૂરો સાથ સહકાર મળ્યો હતો ભર નાલા સાહેબ દ્વારા દેવળીયા પાર્કમાં સંસ્થા ઓલ મેમ્બર્સ માટે વ્યવસ્થા કરી ગાઈડ સાથે પ્રકૃતિ પર્યાવરણ અને વન્ય જીવનને સારી રીતે સમજવા નો મોકો મળ્યો હતો. નારી જાગૃતિ લોક કલ્યાણ ફાઉન્ડેશન એક એવી સંસ્થા જે મહિલા અને બાળવિકાસ પર મહત્વપૂર્ણ કાર્ય કરે છે. સોશ્યલ વર્ક સાથે પ્રકૃતિ પર્યાવરણ જીવદયા અભિયાન અંતર્ગત લોક જાગૃતિ તેમજ શૈક્ષણિક પર આરોગ્ય પર કાર્ય કરે છે. સાસણગીર નારી શૌર્ય સન્માન સમારોહમાં ટ્રસ્ટી અને સંસ્થાપક નયનાબેન ભરતભાઈ વિષ્ણુસ્વામી, ટ્રસ્ટી લીનાબેન શાહ, ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અલકાબેન ચૌહાણ, ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ સિદ્ધિબેન, ઉપાધ્યક્ષ જલપાબેન બોસમિયા, ગુજરાત પ્રદેશ મહામંત્રી માધવીબેન ભટ્ટ, જિલ્લા અધ્યક્ષ મીનાક્ષીબેન ઠાકર, ઉપાધ્યક્ષ સરોજબેન દેવમુરારી સહીત સંસ્થાના તમામ મેમ્બર્સ ઉપસ્થિત રહ્યા હતા, અને કાર્યક્રમ સંચાલન જિલ્લા ઉપાધ્યક્ષ વર્ષાબેન મોદીએ કર્યુ હતું સંસ્થા આજે પોતાની બહુ મોટી ઓળખ ઊભી કરી ચૂકી છે.

ત્યારે સાસણ ગીર વાઈલ્ડ લાઈફ સાથે સમન્વય બનાવીને જન જાગૃતિ લાવવા માટે આગળ વધી કામ કરી રહી હોય ત્યારે વન વિભાગ દ્વારા પણ સંસ્થાને પૂરો સાથ સહકાર મળ્યો હતો. નાલા સાહેબ દ્વારા દેવળીયા પાર્કમાં સંસ્થાના ઓલ મેમ્બર્સ માટે વ્યવસ્થા કરી ગાઈડ સાથે પ્રકૃતિ પર્યાવરણ અને વન્ય જીવનને સારી રીતે સમજવાનો મોકો મળ્યો હતો.

---

## અમરેલીનાં તપોવન આશ્રમમાં સોની પરિવાર દ્વારા તપસ્વીઓને મિષ્ટાન ભોજન



અમરેલી, તા.૩૦

અમરેલી કુ. કનિષ્કા દેવાંશુભાઈ સોનીના જન્મદિવસ નિમિત્તે મતી શ્વેતાબેન દેવાંશુભાઈ સોની (અમરેલી) તરફથી તા.૨૯/૫/૨૦૨૫નાં રોજ સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમમાં રહેતા તપસ્વીઓને રાત્રે મિષ્ટાન ભોજન પ્રસાદ કરાવવામાં આવેલ.

સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત સંસ્થાની પ્રગતિ અંગે સારહિ તપોવન આશ્રમનાં સ્વપ્ન દ્રષ્ટા –પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહિ પરિવારને શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે સારહિ યુથ કલબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી, સેજલબેન મુકેશભાઈ સંઘાણી, મંત્રભાઈ સંઘાણી સહ પરિવાર તથા શ્વેતાબેન દેવાશુંભાઈ સોની તથા નગર શિક્ષણ સમિતિ ચેરમેન તુષારભાઈ જોશી, શીતલબેન તુષારભાઈ જોશી સહિતના મહેમાન ઓ ઉપસ્થિત રહેલ હતાં.

સારહિ પરિવાર વતી સોની પરિવારનો હૃદયપુર્વક આભાર માનવામાં આવેલ.

---

## રાજુલામાં ૧૫ દિવસનાં સમર કેમ્પનું થયું સમાપન



રાજુલા,તા.૩૦

રાજુલામાં સમર યોગ કેમ્પનો ભવ્ય સમાપન કાર્યક્રમ યોજાયો. રાજુલા ખાતે ૧૬મે થી શરૂ થયેલ સમર કેમ્પનું આજે સમાપન થયુ હતું. આ સમર યોગ કેમ્પમાં બાળકોમાં સર્વાંગીક વિકાસની સાથે સાથે આપણા સંસ્કારોનું સિચન થાય તે માટે અલગ અલગ વક્તાઓને પણ બોલાવવામાં આવેલ.સમર યોગ કેમ્પ ને વધુ રોમાંચીત બનાવવા યોગ જાગરણ રેલી, યોગ કોમ્પિટિશન, સિડસ બોલ, લુપ્ત થતી રમતો રમાડવામાં આવેલ, અને બાળકો આ ડીજીટલ દુનિયામાં મોબાઈલના નશામાં વ્યસ્ત રહે તે છોડાવા પ્રયત્ન કરેલ. આ સમર કેમ્પમાં ૧૦૦ જેટલાં બાળકોએ ઉત્સાહ ભેર ભાગ લીધેલ.

આ સમાપન કાર્યક્રમમાં વંદનાબેન મહેતા, બી. આર.સી પંકજભાઈ હેલૈયા, સીઆરસી જિગ્નેશભાઈ ઉપાધ્યાય, નીરવભાઈ જાની (કો.ઓ ગુજરાત સંસ્કૃત બોર્ડ )કાંતિભાઈ સોસા,હેતલબેન મેખ્યા વગેરે એ હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતાં.યોગ કેમ્પના સમાપન કાર્યકર્મ માં બાળકો ને દાતા તરફ થી મળેલ ઈનામો, યોગા મેટ, ટી–શર્ટ, સ્કૂલ કીટ, કલર, ડિજિટલ પાણીની બોટલ તથા મેડલ શિલ્ડ આપી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો,આ તકે ગુજરાત રાજય બોર્ડ વતી યોગ ટિમ રાજુલાએ સર્વે દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.આ સમગ્ર પંદર દિવસના સમર કેમ્પનું સંચાલન ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા નિયુક્ત રાજુલા તાલુકા યોગ કોચ ભૂમિ મજૂકોડિયા અને તેમના ટ્રેનરો દ્વારા કરવામાં આવેલ.

---


અમરેલીનું સૌ પ્રથમ પ્લેહાઉસ અને ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ( ૨૦૦૨ થી )

આપના મોબાઈલમા QR કોડ સ્કેન કરો

'ઈસ્કૂલી લાઈવ બુક' દ્વારા બાળકોને અભ્યાસ માટે હવે સંપુણ આઝાદી ભણશે ગમે ત્યારે, ગમે એટલીવાર

છેલ્લા ૨૦ વર્ષથી બાળકોને ભાતીગળ સંસ્કૃતિની વિરાસત સાથે આધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપી બાળકોની કારકિર્દી માટે મદદરૂપ બનતી અમરેલી શહેરની એક અને એકમાત્ર સ્કૂલ, હવે ૨૧ મી સદીના ડીજીટલ યુગમાં એક નવા જ રીસર્ચ દ્વારા અમો લાવ્યા છીએ 'ઈસ્કૂલી' ડીજીટલ અભ્યાસક્રમ જેના કારણે બાળકો અભ્યાસમાં પરફેક્ટ બની શકસે. ઓફ લાઈન સાથે હવે ડીજીટલ માધ્યમ પણ ઉપલબ્ધ ...

શરૂ થતાં નવા સત્ર માટે... પ્રવેશ શરૂ

પ્રવેશ માટે સવારે ૯:૦૦ થી ૨:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરો



કોઈપણ સ્કૂલ બાળકોને એકજવાર અભ્યાસ કરાવે છે. જયારે ડીજીટલના માધ્યમ (સ્કેન એન્ડ લર્ન) તથા મોબાઈલ એપ દ્વારા બાળકોને અનેકવાર અભ્યાસ કરાવી ઓનલાઈન ટેસ્ટ અને રીવીઝન દ્વારા બાળકોને પરફેક્ટ બનાવતી શહેરની એકમાત્ર સ્કૂલ

CBSE પદ્ધતિ મુજબનું શિક્ષણ જેથી કોઈપણ મેગાસીટીમાં અભ્યાસ માટે સક્ષમ બની શકે




મેટ્રોપોલીટીન શહેરો જેવી સુવિધા ધરાવતી અમરેલીની એકમાત્ર સ્કૂલ

- કોમ્પ્યુટર લેબની સુવિદ્યા
- સાયન્સ લેબ
- લેન્ગવેજ લેબ
- ઓડિયો વિડીયો એજ્યુકેશન
- લાગણી સભર પ્રેમાળ સ્ટાફ
- મિનરલ વોટર
- ફાયર સેફટી બિલ્ડીંગ
- કેમેરા દ્વારા સુરક્ષા
- સ્કૂલ બસ ની સુવિદ્યા
- એજ્યુકેશન ટોય્સ
- ફેસ્ટિવલ સેલિબ્રેશન
- ઓનલાઈન એપ
- ઓનલાઈન ટેસ્ટ
- વૉટ્સએપ રિપોર્ટ
- પેરેન્ટ્સ મિટિંગ
- મધર્સ ટ્રેનિંગ
- પેરેન્ટ્સ સેમિનાર
- ડિજિટલ બુક્સ
- રીવીઝન માટે મોબાઈલ એપ
- ઈન્ટરેક્ટિવ ક્લાસરૂમ
- પેરેન્ટ્સ દ્વારા ટેસ્ટ

અન્ય સ્કૂલોની વિચારધારા જયાં પુરી થાય, ત્યાંથી સનફલાવરનું શિક્ષણ શરૂ થાય છે...

PLAY HOUSE @ L.K.G. @ U.K.G. ધોરણ ૧ થી ૮ સુધી

SUNFLOWER™ Preschool

લાઠી રોડ, કાર વર્લ્ડ શો રૂમ પાછળ, અમરેલી. મો. ૯૪૨૮૭ ૦૮૮૮૦

sunflowerpreschool.in





## શાંતાબા મેડિકલ એન્ડ જનરલ હોસ્પિટલમાં ખાસ વોર્ડ તૈયાર

# ડરો મત : અમરેલીમાં કોરોના માટે ૧૩૦૦ બેડની વ્યવસ્થા

**સમગ્ર ગુજરાત અને દેશમાં કોરોનાં કેસમાં સતત વધારો થતા સ્થાનિક કક્ષાએ તકેદારીરૂપે વ્યવસ્થા**

**ઓક્સિજન સહિતની તમામ સાધન સામગ્રીની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી**


**જો કે અમરેલી જિલ્લામાં એકપણ કેસ હજુ સુધી નોંધાયો નથી**

**જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે**

અમરેલી, તા. ૩૦

સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં કોરોનાના નવા વેરિયન્ટે માથું ઉચકયું છે. ત્યારે અમરેલી જિલ્લામાં વહીવટીતંત્ર દ્વારા ભવિષ્યમાં કોઈ પરિસ્થિત ઉભી થાય તો તેમનો સામનો કરવા તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. જે અંગે જિલ્લા કલેકટર તથા જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સતત મોનીટરીંગ કરવામાં આવી રહયું છે.

હાલમાં અમરેલી જિલ્લામાં કોરોનાના એક પણ કેસ નોંધાયેલ નથી.



પરંતુ ભવિષ્યમાં કોરોનાનો કેસ આવે તો દર્દીઓને તાત્કાલિક ધોરણે સારવાર મળી રહે તે માટે થઈ અમરેલી સિવિલ હોસ્પિટલમાં ૫૦૦ સહિત અને જિલ્લામાં ૧૩૦૦થી વધુ બેડની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલી છે. અમરેલી સિવિલ સહિત જિલ્લામાં ૭૫૦ બેડ ઓકિસજનની વ્યવસ્થા સાથે તૈયાર રાખવામાં આવેલ છે. ઉપરાંત આ કોરોનાની માટે જરૂરી દવા વગેરેનો

અનુસંધાન પાના ૬ ઉપર

## ૧૬મેનાં રોજ બનેલ ઘટનાનાં ઘેરા પ્રત્યાઘાતો

# લાઠીનાં જરખિયા ગામનાં યુવકની હત્યાને લઈને રેન્જ આઈજીનું આગમન

**અમરેલી ખાતે બનેલ બનાવનાં સ્થળની મુલાકાત લીધી**



અમરેલી, તા. ૩૦

અમરેલીમાં સાવરકુંડલા રોડ ઉપર આવેલ નવા માર્કેટયાર્ડ સામે ગત તા. ૧૬ના રોજ સામાન્ય બાબતમાં ચાર યુવકોને દોડાવી દોડાવી અને માર મારવાના બનાવમાં લાઠી તાલુકાના જરખિયા ગામના યુવકનું સારવાર દરમિયાન ભાવનગર ખાતે મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો હતો. આ બનાવને લઈ અમરેલીમાં ઘેરાપ્રત્યાઘાત પડયા હતા. આ બનાવનો લઈ ભાવનગરના રેંજ આઈ.જી. આજે અમરેલી દોડી આવ્યા હતા.

આજે અમરેલી આવેલા ભાવનગર રેન્જ આઈ.જી. ગૌતમ પરમાર દ્વારા જે સ્થળ ઉપર યુવકોને માર મારવામાં આવ્યો હતો. તે ઘટનાસ્થળની મુલાકાત પણ લઈ નિરિક્ષણ પણ કર્યુ હતું. અને બાદમાં

અનુસંધાન પાના ૬ ઉપર

## પાલિકાનાં શાસકોની ગંભીર બેદરકારી

# દામનગરનાં ૧૫૦ લાભાર્થીઓ ૬ વર્ષથી આવાસ યોજનાથી વંચિત

**ઘરનાં ઘરનું સ્વપ્ન સાકાર થતું નથી**

દામનગર, તા. ૩૦

દામનગરનાં ૧૫૦ જેટલા પરિવારોએ ૬ વર્ષ પહેલા આવાસ યોજનાનો લાભ મેળવવા અરજી કર્યા બાદ હજુ સુધી લાભાર્થીઓ આવાસ યોજનાથી વંચિત રહી ગયેલ છે.

એક તરફ રાજય અને કેન્દ્ર સરકાર સમગ્ર દેશનાં કરોડો પરિવારો કે જેઓ ઘરના ઘરથી વંચિત છે તેઓનાં હિતમાં આવાસ યોજના ચલાવી રહી છે અને દેશમાં દર વર્ષે હજારો પરિવારોનું ઘરના ઘરનું સ્વપ્ન સાકાર પણ થઈ રહ્યું છે.

પરંતુ, દામનગર શહેરમાં ૧૫૦ જેટલા પરિવારોએ અરજી કરી દીધી છતાં પાલિકાનાં શાસકોએ આવાસ યોજનાનો લાભ આપવાને બદલે હજુ પણ અવનવા ઠાગાઠૈયા કરાતાં હોવાથી અનેક પરિવારોમાં નારાજગી ઉભી થઈ છે.

## ઓપરેશન શિલ્ડને સફળ બનાવવા વહીવટી તંત્રની અપીલ

# અમરેલી જિલ્લામાં આજે રાત્રિનાં ૮ થી ૮.૩૦ સુધી અંધારપટ રાખવા અનુરોધ

**નાગરિકોએ અફવાઓએ ધ્યાને લેવાની જરૂર નથી**

અમરેલી, તા. ૩૦

ઓપરેશન સિંદૂર બાદ નાગરિકોને સચેત તેમજ જ્ઞાત કરવાના ઉદ્દેશ્ય સાથે તકેદારીના ભાગરૂપે રાજયભરમાં ઓપરેશન શીલ્ડ યોજવામાં આવી રહ્યું છે.

ઓપરેશન શીલ્ડ અન્વયે અમરેલી જિલ્લામાં તા.૩૧ મે, ૨૦૨૫ને શનિવારના રોજ રાત્રે ૮ થી રાત્રે ૮.૩૦ વાગ્યા (૩૦ મિનિટ) સુધી તમામ તાલુકા મથકો, નગરપાલિકાઓ અને ઉપર જણાવેલ ગામોના વિસ્તારોમાં બ્લેક આઉટ એક્સરસાઈઝ યોજાશે.

મહત્વનું છે કે, નાગરિકોએ આ અંગે ગભરાવાની કે અફવાઓને ધ્યાને લેવાની નથી, ઓપરેશન શિલ્ડ એ માત્ર નાગરિકોને જ્ઞાત કરવાનો હેતુ ધરાવે છે.

આ મોક બ્લેક આઉટ

અનુસંધાન પાના ૬ ઉપર






## બે પરિવારોએ એકનાં એક વ્હાલસોયા પુત્ર ગુમાવી દીધા

# સાવરકુંડલાનાં અમૃત સરોવરમાં ડૂબી જવાથી ૨ બાળકોનાં મોત થતાં અરેરાટી : અન્ય એક બાળકનો બચાવ

**પોલીસ અને ફાયર વિભાગે ત્રણેય બાળકોને બહાર કાઢયા**



સાવરકુંડલા, તા. ૩૦

સાવરકુંડલા શહેરના મહુવા રોડ ઉપર બની રહેલા અમૃત સરોવરમાં ત્રણ બાળકો આજે બપોરે ન્હાવા પડેલા તેમાંથી બે બાળકો ઊંડા પાણીમાં ડૂબી જવાથી મૃત્યુ પામ્યા હતા જયારે સદભાગ્યે એક બાળક બચી ગયો છે.

બનાવની જાણવા મળતી વિગત મુજબ સાવરકુંડલા શહેરના જેસર રોડ ઉપર આવેલા નિલેષનગરમાં રહેતો મંત્ર રાજદીપભાઈ મસરાણી (ઉંમર વર્ષ ૧૧) અને બાજુમાં જ આવેલી ગીતાંજલી સોસાયટીમાં રહેતા કુણાલ અનિભાઈ સોલંકી (ઉંમર વર્ષ ૧૩) અને તેનો મિત્ર મોહિત મનીષભાઈ સોલંકી (ઉંમર વર્ષ ૧૩) મળી ત્રણે બાળકો અમૃત સરોવરમાં બપોરની ગરમીમાં રાહત મેળવવા ન્હાવા પડયા હતા. ત્યારે મંત્ર રાજદીપ મસરાણી અને કૃણાલ અનિ સોલંકી ઉંડા પાણીમાં ગરક થઈ ગયા હતા જેથી ત્રીજા બાળકે રાડારાડ કરી મુકતા આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા અને પોલીસ અને ફાયર વિભાગને જાણ કરવામાં આવતા પોલીસ અને ફાયરનો સ્ટાફ તાત્કાલિક સ્થળ પર દોડી ગયો હતો. સ્થાનિક લોકોની મદદથી ત્રણેય બાળકોને બહાર કાઢતા બે બાળકો મૃત્યુ પામ્યા હતા જયારે મોહિત મનીષભાઈ સોલંકી બચી ગયો છે.

મૃતક બાળકોને સાવરકુંડલાની સરકારી હોસ્પિટલે લવાતા ત્યાં તેમના પરિવારજનોના હૈયાફાટ રૂદનથી હોસ્પિટલનું વાતાવરણ ગમગીન બની ગયું હતું. બનાવની જાણ થતા શહેર ભાજપ પૂર્વ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, શહેર ભાજપ પ્રમુખ અનિરૂદ્ધસિંહ રાઠોડ, શહેર ભાજપ મહામંત્રી રાજુ નાગ્રેચા, મહામંત્રી મોહિત સુદાણી સહિત કાર્યકર્તાઓ હોસ્પિટલ પહોંચી ગયા હતા અને પરિવારને શાંતવના પાઠવી હતી. આ બનાવમાં કરૂણતા એ બની કે મરણ જનાર મંત્ર તેની બહેનનો એક જ ભાઈ હતો જયારે કૃણાલ પણ એના પરિવારમાં એક જ પુત્ર હતો તે ગુજરી ગયો છે. મંત્ર ધોરણ પાંચમાં અને કૃણાલ ધોરણ નવમાં અભ્યાસ કરતા હતા. શહેર પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.











*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)